# ગીતામંથન

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા



# ગીતામંથન

સંક્ષિપ્ત

## કિશોરલાલ ઘ. મશરૂવાળા

સંપાદક: મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ

સંક્ષિપ્ત આવૃત્તિ : 1996

રૂ. 15

10 નકલના રૂ. 125. 100 નકલના રૂ. 1000

[10 કે વધુ નકલ માટે રવાનગી ખરચ સાથે]

પ્રકાશક : ગોપાલ મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. 23 (સરદારનગર), ભાવનગર 364001

ફોન : (0278) 426402

મુદ્રક : અપૂર્વ આશર

ઇમેજ સિસ્ટમ્સ, અમદાવાદ 380009. & 400 688

પૂજ્ય ગુરુદેવને

# સંપાદકની નોંધ

કોઇ પણ ધર્મ-સંપ્રદાયના અનુયાયી હોવાનો દાવો ન કરતા હોય એવા અસંખ્ય લોકો, બીજાં વિચારપ્રેરક પુસ્તકોની સાથે સાથે વિવિધ ધર્મગ્રંથોનું કે તેના અંશોનું રસપૂર્વક વાંચન કરતા હોય છે, અને પોતાની સમજણ મુજબ તેમાંથી વિચારભાથું મેળવતા હોય છે. તે તે ધર્મના અનુયાયીઓને પોતાના ધર્મગ્રંથો માટે જે ભક્તિભાવ હોય તે પોતે ન અનુભવે, છતાં આવા વિચારપ્રેમીઓ તેવા ગ્રંથો માટે ઊંચો આદરભાવ કેળવી શકે છે — પછી તે 'ગીતા' હોય, 'બાઇબલ' હોય, 'કુરાન' હોય કે 'ધમ્મપદ' હોય.

આ જાતના આપણી નવી પેઢીના વાચકો મોટે ભાગે મૂળ 'ગીતા' સંસ્કૃતમાં નહિ વાંચી શકે. તેમ 'ગીતા'ના સળંગ અનુવાદમાં પણ એમને ઘણાખરાને રસ ન પડે તેવું બને. એવા લોકો 'ગીતા'નો આસ્વાદ જેના વડે કરી શકે એવું એક ઉત્તમ પુસ્તક કિશોરલાલ મશરૂવાળાનું 'ગીતામંથન' છે, તેનો આનંદદાયી અનુભવ મને છેક જીવનના સાતમા દાયકામાં થયો. તે આનંદમાં મારા જેવા બીજા સામાન્ય વાચકોને સહભાગી બનાવવાના હેતુથી એ પુસ્તકને ખૂબ ટૂંકાવીને સંકલિત કરવાનો આ નમ્ર પ્રયાસ છે. મૂળ પુસ્તકમાં સવા લાખ જેટલા શબ્દો હશે, તેના છઠ્ઠા ભાગ જેટલો નાનો આ સંક્ષેપ થયો છે.

આ પુસ્તક લખતી વેળાએ પોતાની દૃષ્ટિ આગળ વિચારી પણ સાધારણ ભણેલો વર્ગ જ હતો, એવું જણાવનાર લેખકે 'ગીતા'ના અઢારેય અધ્યાય વિશે મંથન કરેલું છે; તેમાંથી સાત મારા જેવા વાચકોને કદાચ અઘરા લાગશે એમ ધારીને છોડી દીધા છે. "પહેલા ત્રણ અધ્યાયોમાં 'ગીતા'ના ખાસ ઉપદેશના સર્વે મુદ્દાઓ આવી ગયા. પછીના અધ્યાયોમાં કોઇ નવો સિધ્ધાંત આવતો નથી, પણ એ ઉપદેશોનું વિશેષ સ્પષ્ટીકરણ આવે છે;" એવું શ્રી કિશોરલાલભાઇનું કથન છે. એ ત્રણ ઉપરાંત બીજા આઠ અધ્યાયોનો પણ, સરળતામાં બાધ ન આવે તે રીતે, આ સંક્ષેપમાં સમાવેશ કરેલો છે.

ગુજરાતી લિપિને સરળ-સુગમ બનાવવાની કિશોરલાલ મશરૂવાળા અને કાકા કાલેલકરની આગ્રહભરી હિમાયત આપણાં બાળકો તથા પ્રૌઢ શિક્ષિતો માટે કેટલી બધી ઉપકારક છે, તેનો પ્રજાને ખ્યાલ આવે તે માટે લોકમિલાપનાં પ્રકાશનો સુધારેલી લિપિનું પ્રત્યક્ષ ઉદાહરણ રજૂ કરે છે.

ન્હાનાલાલ જયંતી : 96-03-16

**મહેન્દ્ર મેઘાણી**

# કિશોરલાલ મશરૂવાળા

એક વાર વિનોબાએ કહ્યું હતું કે વીસમી સદીમાં ભારતીય તત્ત્વજ્ઞાનમાં મૌલિક ઉમેરો કરનારા પાંચ મહાપુરુશો નીકળ્યા: વિવેકાનંદ, રવીન્દ્રનાથ, અરવિંદ, ગાંધી અને કિશોરલાલ મશરૂવાળા. મારો મત પણ વિનોબા જેવો જ છે.

ગાંધીજીના આશ્રમમાં પહેલવહેલા જોડાનારાઓમાં શ્રી કિશોરલાલભાઇ, શ્રી નરહરિભાઇ અને હું. આશ્રમની શાળા ચલાવવાનો ભાર મુખ્યત્વે અમ ત્રણે પર હતો.

કિશોરલાલભાઇનો વિશેષ ગુણ હતો એકાગ્ર-નિશ્ઠાનો. દરેક ક્ષેત્રમાં એ દેખાઇ આવતો. તેઓ કોઇના જ અંધ અનુયાયી થઇ શકતા ન હતા. જેટલું બુદ્ધિગ્રાહ્ હોય એટલું તેઓ અપનાવતા.

કોઇ પણ વિચારના પાયા સુધી જવાનો તો કિશારલાલભાઇનો સ્વભાવ હતો જ. (કૉલેજમાં એમનો ઐચ્છિક વિશય વિજ્ઞાન હતો.) પોતાની વાતમાં તેઓ મક્કમ રહેતા, પણ આવા આગ્રહ સાથે એમનામાં નમ્રતા હતી. એમનો આગ્રહ પોતાના આચરણ પૂરતો મર્યાદિત રહેતો. જે સ્વાતંત્ર્ય તેઓ પોતાને માટે અત્યાવશ્યક માનતા, એ જ સ્વાતંત્ર્ય તેઓ બીજાઓને પણ આપવા તૈયાર રહેતા. દરેક માણસના વ્યક્તિત્વ માટે તેમના મનમાં પૂરેપૂરો આદર રહેતો.

**કાકા કાલેલકર**

મેં શ્રી કિશોરલાલભાઇના લેખોને એકથી વધારે વાર એકાગ્રતાથી સાંભળ્યા છે, અને અન્ય સુપ્રસિદ્ધ ભારતીય તત્ત્વચિંતકોનાં લખાણો પણ સાંભળ્યાં છે. હું જ્યારે તટસ્થભાવે આવાં ચિંતનપ્રધાન લખાણોની તુલના કરું છું, ત્યારે મને નિશ્શંકપણે લાગે છે કે આટલો અને આવો ક્રાંતિકારી, સચોટ અને મૌલિક વિચાર કરનાર કદાચ ભારતમાં વિરલ જ હશે.

**સુખલાલજી**

મશરૂવાળા ગાંધીજી જેવા સત્યનિશ્ઠ, સંતુલનયુક્ત, શ્રદ્ધાભક્તિ-પરાયણ સત્પુરુશ હતા. ગાંધીજીએ પ્રસારેલા આદર્શોને અને કાર્યક્રમોને પેરેપેરે કરીને પ્રજાને સમજાવવા ઠસાવવામાં સૌથી મોટા પ્રમાણભૂત ભાશ્યકારની પ્રતિશ્ઠા એમણે મેળવી. એમની સમૃદ્ધ રચનાઓમાં ‘જીવનશોધન' એ એમની સમગ્ર જીવનવિચારણાનો નિચોડ-ગ્રંથ છે.

**સ્વામી આનંદ**

ગુજરાતનું સત્ત્વ હિંદના જીવન ઉપર પ્રભાવ પાડે એવું આનંદશંકર, ગાંધીજી, ઠક્કરબાપા અને સરદાર પછી શ્રી કિશોરલાલભાઇના જીવનમાં જોવા મળતું હતું.

કિશોરલાલભાઇના મુખ્ય વિશય ધર્મ અને કેળવણી. એમણે લિપિથી માંડીને સાંખ્ય-યોગ સુધી અનેક વિશયો ઉપર લખ્યું છે. એ લખાણોમાં રુતંભરા પ્રજ્ઞાનો અણસારો મળ્યા કરે છે. ગુજરાતી વિચારસાહિત્યમાં એમનું સ્થાન હંમેશનું છે. એમની શૈલી જે કહેવાનું હોય તેને કાંટેકાંટ શબ્દમાં ઉતારવા મથતી છતાં હંમેશાં સરળ, ઊજળી અને સોંસરી છે. મશરૂવાળા-વિચારદોહન કોઇ અધિકારીને હાથે થાય તે ઇચ્છવા જેવું છે.

**ઉમાશંકર જોશી**

# પ્રસ્તાવના

ધર્મના મહાન ગ્રંથો જીવન સાથે સંબંધ ધરાવતા હોય છે. એમાં ચર્ચેલા વિશયો કદી જૂના થતા નથી. જીવનને લગતી બાબતો સાથે સંબંધ ધરાવનારાં પુસ્તકોનો અભ્યાસ કદી પૂરો થતો નથી. આથી 'ગીતા' જેવા ગ્રંથોને માટે કદી એમ બનતું નથી કે, એ હવે કેવળ જૂના જમાનાનો ગ્રંથ થયો.

'ગીતા' એ હિંદુ ધર્મનો સર્વમાન્ય જેવો ગ્રંથ ગણી શકાય. એ 'મહાભારત'નો એક ભાગ છે. 'મહાભારત'ને સામાન્ય રીતે ઇતિહાસ કહેવામાં આવે છે. પરંતુ 'મહાભારત' ઇતિહાસ નથી, પણ ઐતિહાસિક કાવ્ય છે. પાંડવો અને કૌરવોના જીવનની કેટલીક મુખ્ય ઘટનાઓ વર્ણવવાને નિમિત્તે કવિએ તેને એક મહાકાવ્ય તરીકે નિર્માણ કર્યું છે.

'મહાભારત'ના લેખક વ્યાસ માત્ર કવિ નહોતા, પણ ઋષિ હતા, જ્ઞાની હતા. ધર્મના સૂક્ષ્મ શોધક હતા. પ્રજાને દૃષ્ટિ આપનારા મહાબ્રાહ્મણ હતા. એમનાં જ્ઞાન અને અનુભવ કેટલાં અગાધ હતાં તેનો એ ઉપરથી ખ્યાલ આવી શકશે કે, જીવન સંબંધી એક પણ એવો વિશય નથી કે જેની ચર્ચા 'મહાભારત'માં ન થઇ હોય. આથી 'મહાભારત' જ્ઞાનનો ભંડાર છે એમ કહેવાયું છે.

જીવનનો ઘણી બાજુથી વિચાર કરી કરીને 'મહાભારત'ના રચનારે પોતે જે નિર્ણયો બાંધ્યા છે, તેમનું પ્રતિપાદન 'ગીતા'માં છે. આથી 'ગીતા' એ 'મહાભારત'નો સૌથી મહત્ત્વનો ભાગ બને છે. વ્યાસજીને જે સિદ્ધાંતો રજૂ કરવા છે તે જીવનની કઠણમાં કઠણ પરિસ્થિતિમાં પણ લાગુ પાડી શકાય એવા છે, એમ એમને બતાવવું છે. એ કામ એમણે શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે સંવાદ કલ્પીને કર્યું છે. એ સંવાદનું નિમિત્ત-કારણ એમણે મહાભારતનું યુદ્ધ બનાવ્યું છે.

'મહાભારત' કાવ્ય હોવાને લીધે એમાં કેટલીક બીનાઓ, કેટલાંક પાત્રો, કેટલાંક વર્ણનો વગેરે કલ્પિત હોઇ શકે. શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપે આપણે 'ગીતા' વાંચીએ છીએ, માટે સાચે જ આવો સંવાદ થયો હશે એમ માનવું યોગ્ય નથી.

શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે મૂળ 'ગીતા'માં ન હોય એવાં અનેક સંભાશણો આ મંથનમાં મેં મારી કલ્પનાથી જ યોજ્યાં છે, તેમને વાચક મારી સારી કે નરસી સજાવટ માનશે; તેમ મૂળ 'ગીતા'ના સંવાદ પણ કવિની, ઉત્કૃશ્ટ છતાં, સજાવટ જ છે.

આ 'ગીતા'-મંથન એક વલોણું છે. એનો મુખ્ય ઉદ્દેશ, થોડો વિસ્તાર કરવાથી સામાન્ય વાચકોને જે સરળતા થાય અને સ્પષ્ટ વિચાર કરવામાં મદદ થાય તે સાધવાનો છે. આ યુગના પ્રશ્નોને ઉકેલવામાં માર્ગદર્શક થઇ શકે એવી રીતે 'ગીતા'ના મુદ્દાઓ મારા પ્રયત્નથી સરળ ભાષામાં રજૂ કરી શકાયા હોય, તો મારી મહેનત વ્યર્થ નથી ગઇ.

શ્રેયાર્થી વિચારે કે, આ સાતસો શ્લોક મારા જીવનની યાત્રામાં મને કેવા પ્રકારનું ભાથું બંધાવી આપે એવા છે? અને એમાંના બધા વિચારો સ્વીકારવા જેવા છે, કે એમાં કાંઇ નીર-ક્ષીર વિવેક કરવાની જરૂર છે? મારું મંથન એટલી દૃષ્ટિ રાખીને જ થયું છે.

**કિશોરલાલ મશરૂવાળા**

જે ભાષા આપણે બોલીએ છીએ, વાંચીને સમજી શકીએ છીએ, તે ભાષામાં જ આપણાં ધર્મપુસ્તકો અને પ્રાર્થના હોવાં જોઇએ. જો શાસ્ત્રોને સમજવાં અને જીવનમાં ઉતારવાનાં હોય, અને એક નિત્ય વિધિ તરીકે માત્ર બોલી જવાનાં ન હોય, તો બોલનારા જે ભાષા સમજતા હોય તેમાં જ પ્રાર્થના કરવી ઘટે છે. અરબી, સંસ્કૃત કે અવેસ્તા ઇશ્વર્ની ભાષા છે, એવો ખ્યાલ પેદા કરવો એ અંધશ્રદ્ધા છે. તે તે ભાષાનાં પુસ્તકોનો લોકોની ભાષામાં સ્પષ્ટ ને સરળ તરજુમો બહાર પાડવાની ભાષાના પંડિતોની ફરજ છે. ધર્મશાસ્ત્રોના પાઠ વગેરેને અરધા વહેમથી ભરેલા લૂખા કર્મકાંડ બની જતા અટકાવવા જોઇએ.

**કિશોરલાલ મશરૂવાળા**

'ગીતા' મારે સારુ તો આચારનું એક પ્રૌઢ માર્ગદર્શક થઇ પડયું, મારો ધાર્મિક કોશ થઇ પડયું. અજાણ્યા શબ્દના અર્થને સારુ હું જેમ શબ્દકોશ ખોલતો, તેમ આચારની મુશ્કેલીઓ, તેના અટપટા કોયડા 'ગીતાજી' પાસે ખોલાવતો. મારા નિરાશાના સમયમાં તે ગ્રંથે મને અમૂલ્ય સહાય કરી છે. હું તો મારી બધી મુશ્કેલીઓમાં 'ગીતા'માતા પાસે દોડી જાઉં છું, ને આજ લગી આશ્વાસન મેળવી શક્યો છું.

**મો. ક. ગાંધી**

'મહાભારત' અને 'રામાયણ' આપણા રાષ્ટ્રીય ગ્રંથો છે. એમાં આવતી વ્યક્તિઓ આપણા જીવન સાથે એકરૂપ થયેલી છે. રામ, સીતા, ધર્મરાજા, દ્રૌપદી, ભીષ્મ, હનુમાન વગેરેનાં ચરિત્રોએ મંત્રની જેમ આખાયે ભારતીય જીવનને હજારો વર્ષોથી વશ કરેલું છે.
'રામાયણ' મધુર નીતિકાવ્ય છે, અને 'મહાભારત' વ્યાપક સમાજશાસ્ત્ર છે.
એક લાખ શ્લોકો રચીને વ્યાસે અસંખ્ય ચિત્રો અને ચરિત્રો આબેહૂબ દોર્યા છે. અનેક જાતનાં તત્ત્વજ્ઞાનનાં અને ઉપદેશનાં વનનાં વન ઠેકઠેકાણે 'મહાભારત'માં ફેલાયેલાં છે. પણ એ બધાંનું સારભૂત રહસ્ય વ્યાસે 'ભગવદ્ગીતા'માં આપ્યું છે.
પ્રાચીન કાળથી 'ગીતા'ને 'ઉપનિશદ'ની પદવી મળેલી છે. બધાં 'ઉપનિશદો'નું દોહન કરીને આ 'ગીતા'રૂપી દૂધ ભગવાને અર્જુનને નિમિત્ત બનાવીને જગતને આપ્યું છે. જીવનના વિકાસને માટે જરૂરી એવો લગભગ એકેએક વિચાર 'ગીતા'માં સમાયેલો છે. એથી જ 'ગીતા' ધર્મજ્ઞાનનો કોશ છે.

**વિનોબા ભાવે**

# આરંભ

પાંડવો અને કૌરવો વચ્ચેના કલહનો ઘરમેળે સલાહસંપથી નિકાલ લાવવાનો સઘળો પ્રયત્ન નિશ્ફળ ગયો હતો. ધર્મરાજાને આ યુદ્ધ જરાય ઇશ્ટ લાગતું નહોતું. કોઇ પણ રીતે બે કુટુંબો વચ્ચે સમાધાન થાય, અને જે અપાર હિંસા થવાની ધાસ્તી લાગતી હતી તે અટકે, એ જ એમની અભિલાશા હતી. જો કોઇ રીતે યુદ્ધ અટકાવી શકાતું હોય, તો પોતાની સાથે થયેલા છળકપટને, દ્રૌપદીના અપમાનને — બધાંને એ ક્ષમાવૃત્તિથી સહન કરી લેવા તૈયાર હતા. એક છેલ્લા પ્રયત્ન તરીકે તે શ્રીકૃષ્ણને પણ વિશ્ટિ કરવા મોકલી ચૂક્યા હતા.

શ્રીકૃષ્ણનો બંને પક્ષ પર પ્રભાવ હતો. એમને નિશ્પક્ષપાતી, ન્યાયી, બુદ્ધિમાન તરીકે બધા સ્વીકારતા હતા. એમને પણ યુદ્ધમાં કાંઇ શ્રેય દેખાતું નહોતું. આથી શ્રીકૃષ્ણ વિશ્ટિ માટે ગયા.

હસ્તિનાપુર જઇ એમણે ધૃતરાષ્ટ્રને, ભીષ્મ પિતામહને, દ્રોણાચાર્યને — સર્વેને ધર્મ અને ન્યાયનો માર્ગ સમજાવ્યો. દુર્યોધનને પોતાને યે સમજાવવા પ્રયત્ન કર્યો. દુર્યોધન માનતો હતો કે, કાં તો પાંડવો ન હોય અથવા પોતે ન હોય. આથી દુર્યોધનને સમજાવવામાં કોઇ ફાવી શક્યું નહિ. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ વગેરેની સહાનુભૂતિ પાંડવો પ્રત્યે હતી. પણ એ લોકો જુદાં જુદાં કારણોને લીધે દુર્યોધનની ઇચ્છાનો વિરોધ કરી શકતા નહોતા.

આમ શ્રીકૃષ્ણની વિશ્ટિ નિશ્ફળ ગઇ. હવે યુદ્ધ સિવાય કશો માર્ગ જ નથી, એમ યુધિશ્ઠિરને પણ લાગ્યું. યુધિશ્ઠિરને નામે સર્વ મિત્રરાજ્યોને સંદેશાઓ પહોંચાડવામાં આવ્યા. યુધિશ્ઠિરના પક્ષના રાજાઓ પોતપોતાના લશ્કરને લઇને મદદમાં હાજર થયા. સાત અક્ષૌહિણી સેના એના પક્ષમાં આવી. બીજી બાજુ, કૌરવોએ પણ એવી જ તૈયારી કરી. દુર્યોધન વધારે સાધનસંપન્ન હતો. તેથી એના પક્ષમાં અગિયાર અક્ષૌહિણી સેના એકત્ર થઇ. બંનેની છાવણીઓ કુરુક્ષેત્રમાં નંખાઇ.

અર્જુન પાંચ પાંડવોમાં વચલો હતો. એ ધનુર્વિદ્યામાં કુશળ હતો. બંને પક્ષો જાણતા હતા કે લડાઇના જય-અપજયનો આધાર અર્જુનના ઉપર જ હતો. અર્જુન ન હોય તો કૌરવોને ધાસ્તી જ ન હોય; અને એક અર્જુન હોય તો કૌરવોની અગિયારે અક્ષૌહિણી જોખમમાં ગણાય.

અર્જુનને પોતાનેયે પોતાની શક્તિનું પૂરેપુરું ભાન હતું. પણ એ કેવળ લડવૈયો નહોતો. એનામાં અનેક પ્રકારની ઊંચી ભાવનાઓ પણ હતી. એ સંસ્કારી અને ધર્મપરાયણ હતો; આથી શ્રીકૃષ્ણનો પ્રિય મિત્ર હતો, દ્રોણનો પ્રિય શિશ્ય હતો, ભીષ્મને પણ એ વહાલો લાગતો હતો. એ જેના સંબંધમાં આવતો તેની પ્રીતિનું પાત્ર બનતો. જેમ એ બધાને પ્રિય હતો, તેમ એ પણ પ્રેમાળ હતો. પૂજ્યજનો પ્રત્યે ભક્તિ અને મિત્રો પ્રત્યે પ્રેમ એના સ્વભાવમાં સહજ અને ઉત્કટ હતાં.

# અર્જુનનો ખેદ

## અધ્યાય પહેલો

'ગીતા'નો આરંભ કેવી રીતે છે?

યુદ્ધ કરવું કે ન કરવું, એ યોગ્ય કે અયોગ્ય, એ પ્રશ્નો હવે રહ્યા નથી. યુદ્ધનો નિશ્ચય થઇ ચૂક્યો છે. બંને પક્ષનાં સૈન્યો સજ્જ થઇને ગોઠવાઇ ગયાં છે, અને સેનાપતિ તરફથી લડવાનો હુકમ નીકળે એટલી જ વાર છે.

પછી તો બંને પક્ષમાં રણનાં વાજિંત્રો વાગ્યાં. પૃથ્વી અને આકાશને ધણધણાવી નાખે એવો ભયંકર અવાજ થયો. દરેક વીરે પોતપોતાનો શંખ વગાડી પોતાની સેનાને પાનો ચડાવ્યો. અર્જુનના શંખનાદે પ્રતિસ્પર્ધીઓનાં હૃદયોમાં થથરાટી ઉપજાવી.

શંખ વગાડયા બાદ અર્જુનને થયું : " ચાલોને, મારે કેવા માણસો સામે લડવાનું છે તે જરા જોઉં તો ખરો; દુર્યોધનને વિજય અપાવવા માટે આવેલા વીરોનાં મોઢાં તો જોઇ લઉં!" આ વિચારથી, એણે પોતાના સારથિ થયેલા શ્રીકૃષ્ણને પોતાના રથને બંને સૈન્યની વચ્ચે ઊભો કરવા વિનંતી કરી.

ત્યાંથી અર્જુને બંને બાજુનાં સૈન્યોને સારી પેઠે નિહાળ્યાં, અને જેમ જેમ નિહાળતો ગયો તેમ તેમ આ યુદ્ધની ભયંકરતા એને પ્રત્યક્ષ થતી ગઇ. એણે જોયું કે આ કાંઇ સામાન્ય યુદ્ધ નથી, કૌટુંબિક યુદ્ધ છે. બેઉ પક્ષમાં જ્યાં જોઇએ ત્યાં સગાંઓ સિવાય કોઇ નથી. આ યુદ્ધ એટલે વડીલો, આચાર્યો, ભાઇઓ, પુત્રો, પૌત્રો, મિત્રો અને સ્નેહીઓનો કચ્ચરઘાણ! આ દૃશ્ય જોઇને એની લાગણીઓ હાલી ઊઠી. લડાઇની વાતમાંથી એનું મન પાછું હઠી ગયું.

ખેદથી દીન બનેલો અર્જુન શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો : "હે કૃષ્ણ! મને કંઇક થઇ જાય છે, મારાથી ઊભા રહેવાતું નથી; મને ફેર આવતા હોય એવું લાગે છે."

આમ કહીને એ બેસી ગયો અને રડવા જેવો થઇ ગયો. શ્રીકૃષ્ણ આનું કારણ જાણી તો ગયા, પણ અર્જુનને ઉત્સાહ આપવા માટે બોલ્યા : "ભાઇ, એકાએક આ શું કહેવાય? અરે, જે વખતે તારે તારી બધીય શક્તિઓ અને શૌર્ય બતાવવાનો સમય આવી પહોંચ્યો, ત્યારે આમ ઢીલો કેમ થઇ ગયો? શત્રુને જોઇને તું ગભરાઇ જાય, એમ કેમ બને? વિજય, રાજ્ય, સુખ, એ બધાં તને વરવાને ટાંપીને ઊભાં છે, તે જો! એક ઘડીવારમાં તું આ યુદ્ધનો અંત લાવવાનો છે અને શત્રુઓને મારી નિશ્કંટક રાજ્ય કરવાનો છે એમ ખાતરી રાખ."

આના ઉત્તરમાં અર્જુન બોલ્યો : "વિજય? મને તો વિજયનાં કશાં લક્ષણ નથી જણાતાં, પણ પરાજયનાં સર્વ ચિહ્નો જણાય છે. હા, કેવળ વિરુદ્ધ પક્ષનો નાશ થાય એટલાને જ તમે વિજય કહેતા હો, તો તમારી સહાય મેળવવા ભાગ્યશાળી બનેલો હોવાથી, એમાં મને શંકા નથી લાગતી. પણ એ વિજય પરાજય કરતાં ભૂંડો નહિ હોય? આ વિરુદ્ધ પક્ષ એટલે શું? એને વિરુદ્ધ પક્ષનો નાશ કહેવો કે સ્વજનોનો? શું મારા કૃપાળુ ગુરુ દ્રોણને કે મારા પૂજ્ય દાદા ભીષ્મને મારીને મારે વિજય માનવો? આ સામે ઊભેલા એ તે કોણ છે? એમાંના કોને મારીને મારે આનંદ માનવો? અરે, આ ભીષ્મ કે દ્રોણ મારા પર તલવારનો ઘા કરવા આવે, તો ફૂલની માળાની માફક હું ગરદન પર ઝીલી લઉં. તેમના સંતોશાર્થે હું ત્રિલોકના રાજ્યનેયે જતું કરું, તો એક અર્ધા કુરુદેશને માટે હું આટલાં સગાંઓનો નાશ કરું અને કરાવું?"

અર્જુનની વાત સાંભળી શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા : "ત્યારે હવે કૌરવોના અન્યાયનું શું? એમણે કરેલા વિશ્વાસઘાતનું અને અપમાનોનું શું?"

અર્જુન બોલ્યો : "સાચું, કૌરવો લોભવશ થવાથી એમની મતિ બગડેલી છે. એમને સારાસાર સૂઝતો નથી. રાજ્ય અને સુખ એમને સર્વસ્વ લાગે છે. આથી આવો ભયંકર કુલનાશ એમને ખટકતો નથી. પણ કૌરવો અધર્મ કરે, માટે અમારેયે શું અધર્મ કરવો? જ્ઞાની પુરુશોએ કુલક્ષય કરવાનું પાપ કેવું ભયંકર બતાવ્યું છે! અરે, આ તો કુલનાશ એટલે માત્ર કુરુવંશનો જ નાશ નહિ, પણ આખી ક્ષત્રિયજાતિનો અને તેમની મારફતે આખા આર્યાવર્તનો નાશ થવા બેઠો છે. જો આ ખૂનખાર લડાઇ આપણે ચાલવા દઇશું, તો આપણે સનાતન ધર્મ, કુલધર્મ, જાતિધર્મ સર્વનો ઉચ્છેદ કરવાના છીએ. એમાંથી પ્રજાઓનો જે અધપ્પાત થશે, તેમાંથી તે હજારો વર્ષે પણ માથું ઊંચું કરી શકવાની નથી.

"આહાહા! આ ઠીક થયું કે મારી આંખો મોડી મોડી પણ આજે ખૂલી. અરેરે, બે દિવસના રાજ્યવૈભવ માટે કેવો ભયંકર અધર્મ કરવા આપણે તૈયાર થયા છીએ! ધિક્કાર છે આ રાજ્યલોભને અને ધિક્કાર છે આવા મિથ્યા શૌર્યને! મારું ક્ષત્રિયપણાનું અભિમાન આજે સાવ ગળી ગયું છે. હું કહી દઉં છું કે મને મારો ધર્મ દીવા જેવો સૂઝી ગયો છે. હું હવે લડવાનો નથી. આ હું નિશ્શસ્ત્ર થઇને બેસું છું — ભલે કૌરવો આવીને મારો વધ કરે."

આમ કહી અર્જુન ઉદ્વેગભર્યે ચિત્તે ધનુશ્ય-બાણ છોડીને રથની બેઠક પર બેસી ગયો.

# મૂંઝવણોનો ઉત્તર

## અધ્યાય બીજો

અર્જુનની આવી દીન દશા જોઇ અને એના શબ્દો સાંભળી શ્રીકૃષ્ણ સડક જ થઇ ગયા. એ બોલ્યા : "વાહ રે ભાઇ, તું તો ઠીક ધર્મનો વિચાર કરતાં શીખ્યો છે! આર્યોને ન છાજનારી અને કીર્તિનો નાશ કરનારી આવી કાયરતા તારામાં ક્યાંથી આવી? જો તારા જેવો પુરુશ મરણને જોઇ આભો બની જાય, તો હવે ક્ષાત્રવૃત્તિ આર્યાવર્તમાં ટકવાની નથી એમ જ કહેવું જોઇએ. ચાલ, હવે ડાહ્યો થઇને કામે લાગી જા અને આવી દુર્બળતાનો ત્યાગ કર."

પણ શ્રીકૃષ્ણના ઠપકાની અર્જુન પર કશી અસર ન પડી. એ બોલ્યો : "કૃષ્ણ, તમે આ શું કહો છો તે હું સમજતો નથી. ધર્મ અને નીતિના તમે જાણનારા છો, યુદ્ધને ધિક્કારનારા છો. આ યુદ્ધ તમને જરાય પસંદ નથી, અને તેથી તો તમે શસ્ત્ર ન પકડવાની પ્રતિજ્ઞા લીધી છે. તે વખતે હું ઊંઘમાં, મોહમાં હતો. મને ધર્મનું ભાન થયું નહોતું. પણ હવે મોડો મોડોયે હું જાગ્યો છું. મરું તોયે મારું નહિ, એ વિચાર જ શ્રેષ્ઠ છે એમ મને આજે જણાઇ આવ્યું છે. ત્યારે એ જ વિચારમાં મને દૃઢ કરવાને બદલે તમે કેમ મને ડગાવવા ઇચ્છો છો?"

જવાબમાં શ્રીકૃષ્ણે પૂછયું : "જો, ફરી વિચાર કરી જો. તું તારો ધર્મ સમજી, લડાઇમાંથી નિવૃત્ત થાય, અને પછી બાકીના યોદ્ધાઓ લડાઇ શરૂ કરે, તો એ તું શાંતપણે જોઇ શકીશ? તારી મદદને અભાવે પાંગળા બનેલા ધર્મરાજાનો પરાજય થાય, તો તે પરિણામને તું શાંતિથી સહન કરી લઇ શકીશ? પાંડવોનો પરાજય કરીને કૌરવો ફરીથી દ્રૌપદીનું અપમાન કરે, તો તે વખતે તું શાંત ચિત્તે એ સમાચાર સાંભળી લઇ શકીશ?

"વહાલા મિત્ર, હું તને એક કસોટી આપું. ધર્મનો માર્ગ શારીરિક કે આર્થિક દુ:ખો લાવે ખરો, પણ એ ચિત્તની પ્રસન્નતામાંથી સૂઝે અને તેને વધારે. તું કહે છે કે તને તારો ધર્મ સૂઝી ગયો છે. તો હું તને પૂછી લઉં કે તને એ પ્રસન્ન ચિત્તમાંથી સૂઝયો છે ખરો? અને તેનું આચરણ તારા ચિત્તની પ્રસન્નતા ને શાંતિ વધારશે કે ઘટાડશે?"

શ્રીકૃષ્ણની પ્રશ્નાવલિથી અર્જુન ગભરાઇ ગયો. એ બોલ્યો : "મારા ચિત્તમાં પ્રસન્નતા નથી પણ ભારે ખેદ ભરેલો છે, એ મારે કબૂલ કરવું જોઇએ. વળી તમે જે જે પરિસ્થિતિ વર્ણવી તેમાં હું શાંતિ રાખી જ શકીશ અને લડવા મન નહિ કરું, તથા મારા મનમાં વેર ને ક્રોધનો અગ્નિ સળગી નહિ ઊઠે, એમ પણ હું ખાતરી ન આપી શકું.

"છતાં, કુળની આવી ઘોર હિંસા નર્યો અધર્મ છે, એ વિશે મને શંકા નથી લાગતી. એટલે આવી કુલનાશક લડાઇમાંથી નિવૃત્ત થવું એ જ ધર્મ ગણાય. એ ધર્મનું આચરણ કરવા જતાં પૂર્વસંસ્કારો શાંતિને હરી લે, પ્રસન્નતા ન લાગે, માટે એ ધર્મ ઠરાવવામાં દોશ થયો છે એમ કેમ કહેવાય?

"એ પ્રશ્નનો શી રીતે નિકાલ લાવવો, તે મને સમજાતું નથી. ધર્માધર્મનો નિર્ણય કરવામાં સમગ્ર આર્યાવર્તમાં આજે તમારા જેવો કોઇ સુગ્ન નથી. મહર્ષિ વ્યાસ અને ભીષ્મ પિતામહ, તથા જ્ઞાની કાકા વિદુર અને મોટા ભાઇ ધર્મરાજા પણ તત્ત્વનિર્ણયમાં તમારા નિર્ણયને છેવટનો ગણે છે. તો કૃપા કરીને મારા મનની મૂંઝવણ ટાળો, અને જે સત્યધર્મ હોય તેનો જ મને બોધ આપો. જ્યાં સુધી તમે મારા મનનું સમાધાન ન કરો, ત્યાં સુધી હું લડવાનો નથી."

ખિન્નવદન થઇ બેસી ગયેલા અર્જુનને શ્રીકૃષ્ણ ક્ષણેક કુતૂહલથી જોઇ રહ્યા. જ્ઞાની પુરુશોના જેવી જણાતી, પણ ભૂલભરેલી દલીલો સાંભળી એમને જરા હસવું આવ્યું. પણ એની પાછળ રહેલી અર્જુનની નિશ્ઠા અને સત્યધર્મ માટેની જિગ્નાસા જોઇ, એમને તેની ઉપર અતિશય પ્રેમ અને કૃપા ઊપજ્યાં. પોતાના પ્રિય મિત્રને પોતાનું સર્વસ્વ આપવા માટે શ્રીકૃષ્ણ તલસી રહેલા હતા જ. અત્યંત તપ, ચિંતન અને પુરુશાર્થપૂર્વક પોતે શોધેલા જીવનના સિદ્ધાંતો સમજવા અને જીવનમાં ઉતારવા અરજુન જેવા સર્વ રીતે લાયક મિત્રમાં જિગ્નાસા ઉત્પન્ન થાય, એની શ્રીકૃષ્ણ વાટ જોતા જ હતા. એ ક્ષણ આજે આવી લાગી હતી. આથી બહારથી કાંઇક વિનોદ કરી, પણ મનમાં અત્યંત પ્રસન્ન થઇ, શ્રીકૃષ્ણે પોતાના સિદ્ધાંતો સમજાવવાનો આરંભ કર્યો :

"વાહ અર્જુન, તેં ધર્મશાસ્ત્ર સમજવા માટે ઠીક સ્થાન અને સમય શોધ્યાં! પણ તારે હવે તત્ત્વજ્ઞાનનું જ સમાધાન જોઇએ છે, તો ઊઠ, સાવધાન થઇ જા; બુદ્ધિને સુક્ષ્મ કર, અને નિશ્શંક થઇ જાય ત્યાં સુધી પ્રશ્નો પૂછી વિશયને છણી નાખ. હું બધી દૃષ્ટિએ તારું સમાધાન કરીને, તને તારી બુદ્ધિથી જ નિર્ણય કરાવીશ. તને ઊઠેલી મૂંઝવણોનો હું ત્રણ રીતે ઉત્તર આપવાનો છું : કેવળ

તત્ત્વજ્ઞાનનો ઉત્તર, સાધારણ લોકો જે રીતે આવી બાબતો વિચારે છે એવો વહેવારુ માણસોનો ઉત્તર, અને તત્ત્વજ્ઞાન તથા વ્યવહારનો જેમાં મેળ બેસાડેલો હોય એવા કર્મયોગનો ઉત્તર. તેમાં પહેલો તત્ત્વજ્ઞાનનો નિર્ણય સાંભળ.

“તારી બધી દલીલોનું મંડાણ જીવતર અને મરણ વચ્ચેના ભેદ ઉપર, તેમ જ સગાં અને પરાયાં એવી ભેદદૃષ્ટિ ઉપર થયેલું છે. અર્જુન, દ્વારકામાં સાગરને કિનારે બેસી આપણે ઘણી વાર જોયું છે કે, સમુદ્રમાં પાણીના આધારે અનેક લહેરો અને પરપોટા થઇ આવે છે. એ ઘણાં ભેગાં થઇ એક મોટું મોજું કે પરપોટો બને છે. એવો કોઇ મોટો પરપોટો ફૂટી જાય, અથવા કોઇ મોજું અફળાઇને તેની નાની નાની લહેરો થઇ જાય, તેથી આપણને કદી શોક થતો નથી. કારણ, આપણે જાણીએ છીએ કે, એ આકારોના ઊપજવાથી કે નાશ પામવાથી સાગરના સાગરપણામાં કાંઇ ફરક પડતો નથી."

સાગરના દૃશ્ટાંતને આત્મા સાથે સરખાવતાં, વળી શ્રીકૃષ્ણ બોલ્યા :

“પ્રિય અર્જુન, મોજાં અને પરપોટાની સરખામણીમાં જેમ સમુદ્ર વધારે સ્થિર અને સદ્ વસ્તુ છે, તેમ આ જગત અને ભૂતપ્રાણીઓની અપેક્ષાએ ચૈતન્યરૂપ આત્મા એ જ સ્થિર અને સદ્ વસ્તુ છે. એમ સમજ કે ચૈતન્યનો એક અપાર સાગર સર્વત્ર ભરેલો છે. જ્યાં કશું છે એમ દેખાય છે ત્યાંયે એ ચૈતન્ય રહેલું છે, અને જ્યાં કશું નથી એમ લાગે છે ત્યાં પણ એ છે જ. એ અપાર ચૈતન્યસાગરમાં બ્રહ્માંડોના ગોળાઓરૂપી અનેક પરપોટા ઊપજે છે. આ સર્વ ભૂતપ્રાણીઓ પણ એમાં જ ઊપજતા અનેક તરંગો અને નાનામોટા બુદ્બુદો છે. જેમ એક પરપોટો નાનાથી મોટો થઇને ફૂટી જાય તેથી કાંઇ પાણીનો નાશ થતો નથી, પણ એ પરપોટામાં વપરાયેલું પાણી બીજી જ ક્ષણે અન્ય આકાર નિર્માણ કરવા છૂટું થાય છે; તેમ દેહરૂપી એક આકાર નાશ પામતાં, ત્યાં વપરાશમાં આવેલો ચૈતન્યનો અંશ બીજો આકાર નિર્માણ કરવા છૂટો થાય છે. આથી મરણ નામની ક્રિયાથી બુદ્ધિમાન પુરુશ મોહ નથી પામતો."

શ્રીકૃષ્ણ આગળ કહે છે : “બધી વાતોના સારરૂપે મારે તને જે કંઇ કહેવાનું છે તેની મતલબ આટલી જ છે કે, કોઇ પણ ઉપાયે સુખદુ:ખ, હર્ષશોક વગેરેથી પર થઇ જા. દરેક ક્ષણે ફેરફાર પામતા આ સંસારની પાછળ આધારરૂપે જે વસ્તુ રહેલી છે, તે સદા ચૈતન્યરૂપ આત્મા જ છે. એ આત્મા કદી હતો-ન-હતો થતો નથી."

શ્રીકૃષ્ણનું આવું તત્ત્વનિરૂપણ અર્જુન એકચિત્તે સાંભળી રહ્યો, અને પછી વધારે સમજી લેવા માટે તે બોલ્યો : “પ્રિય મિત્ર, આ વિશય તમે મને ફરીથી સમજાવશો? ઘડીકમાં મને લાગે છે કે આ હું સમજી ગયો, ઘડીકમાં થાય છે કે આ કંઇક વિચિત્ર વાતો જ તમે કહો છો. પણ તમારી આ વાત સાંભળવામાં મને રસ તો બહુ પડે છે. આવી સુંદર તત્ત્વકથા છોડી, આ નરકમાં ધકેલનારા યુદ્ધમાં કોણ પડે?"

અર્જુનનાં આવાં વાક્યો સાંભળી શ્રીકૃષ્ણ ક્ષણેક મૌન રહ્યા અને કાંઇક વિચાર કરી બોલ્યા :

“અર્જુન, હું તને આત્માગ્Xનાત્માનો ભેદ સમજાવીશ તો ખરો જ. પણ મારે તને ચેતાવી દેવો જોઇએ કે હું તને કર્તવ્યભ્રષ્ટ કરીને તત્ત્વજ્ઞાન પણ સમજાવવાનો નથી. તારું કર્તવ્ય આજે તો આ આવી પડેલું યુદ્ધ લડી લેવાનું છે. એમાં તને જે મોહ ઉત્પન્ન થયો છે, તે દૂર કરવા પૂરતું જ હું તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરું છું. સ્પષ્ટ રીતે પ્રાપ્ત થયેલા કર્તવ્યને છોડીને તત્ત્વજ્ઞાનની પાછળ લાગવું, તેને પણ હું સ્વચ્છંદ જ સમજું છું. લડાઇનું કામ કઠણ હોય કે સહેલું હોય, સ્વર્ગમાં લઇ જનારું હોય કે નરકમાં લઇ જનારું હોય, તારાથી એમાંથી છટકી શકાવાનું નથી એટલું હું તને ચેતાવી દઉં છું."

એમ ચેતવણી આપતાં શ્રીકૃષ્ણ આગળ બોલ્યા :

“તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કોઇ મરતું નથી, અને કોઇ મારતું નથી. મેં હણ્યો એમ સમજનાર, કે હું હણાયો એમ સમજનાર, બન્ને અજ્ઞાની છે. આ આત્મા કદી જનમ્યો નથી અને કદી મરવાનો નથી. આથી આવો તત્ત્વજ્ઞાની પુરુશ સારું કે કઠોર જે કર્તવ્ય આવી પડે તે નિશ્શંક ચિત્તે, દૃઢ મનથી કરે છે અને તેના પરિણામ વિશે શોક કરતો નથી.

“અર્જુન, તું પૂછે છે કે, હું ભીષ્મ અને દ્રોણને કેમ હણું? વહાલા ભાઇ, આ સામે ઊભેલા જે ડોસાઓ દેખાય છે તેમાં ભીષ્મ અને દ્રોણ એ ધોળા કેશવાળાં શરીરોનાં નામ છે, કે તેમાં રહેલા એમના આત્માનાં નામ છે? જો એ શરીરો તારા પૂજ્ય પુરુશો હોય, તો એમાંથી આત્મા નીકળી ગયા બાદ તું જ એને સ્મશાનમાં લઇ જવા ઉતાવળો થવાનો છે. અને જો એમાં રહેલા ચૈતન્યને તું તારા દાદા અને ગુરુ સમજતો હોય, તો એમનો તો નાશ થવાનો જ નથી. એ જીવોએ તો પોતાની વાસનાઓને અધીન થઇને જેમ હાલનાં શરીરો ધારણ કરેલાં છે, તેમ આ શરીરો નાશ પામતાં નવાં શરીરો ધારણ કરી લેશે. જૂનાં કપડાં ઉતારી નવાં કપડાં પહેરવા જેવી

માત્ર એ ક્રિયા કહેવાય. જે તારા દાદા અને ગુરુ છે તે તારા જોવામાંયે આવ્યા નથી અને તારાં બાણો એમને દૂરથીયે અડી શકવાનાં નથી. અને જે શરીરોને તું રાખવા મથી રહ્યો છે એ કોઇક રીતે, ક્યારેક તો પડવાનાં છે જ. તેમને પાડવાનું કઠણ કર્તવ્ય આજે તારે માથે આવી પડે છે, એટલા માટે તારે શોક કરવો ઉચિત નથી. આત્મા પ્રત્યે તું દૃષ્ટ રાખ અને આ શરીરોને તું ભૂલી જા. કર્તવ્યકર્મ આગળ એ ક્ષણભંગુર દેહોને મહત્ત્વ આપવું ઉચિત નથી.

"પણ આ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ તને બુદ્ધિમાં અને આચારમાં ઉતારવી બહુ કઠણ લાગતી હોય, તો તું કેવળ સામાન્ય પરંતુ શ્રદ્ધાળુ લોકોની દૃષ્ટિએ આનો વિચાર કરી જો. એ દૃષ્ટિએ પણ તારે માટે યુદ્ધ કરવું એ જ કર્તવ્ય છે, એમ જણાયા વિના નહિ રહે. આ અહીં લાખો સૈનિકો આવીને ઊભેલા છે તેમનો તું અભિપ્રાય લેશે, તો તેઓ તને એકે અવાજે કહેશે કે માણસ જે પરિસ્થિતિમાં જનમ્યો હોય અને આવી પડયો હોય, તે પરિસ્થિતિનાં કર્તવ્યો બજાવતાં બજાવતાં મરવું એ સિવાય કોઇ બીજો ધર્મ જ નથી, અને એથી કોઇ મોટો જીવનનો લહાવો નથી. જો તું આવા ધર્મયુદ્ધથી પાછો હઠે, તો અઢારે અક્ષૌહિણીમાંથી એકે સૈનિક તારા કામને યોગ્ય કહેશે નહિ. એ તને ધર્મભ્રષ્ટ, કાયર ગણશે. તારા શત્રુઓ તારાં બધાં પાછલાં વીર કર્મો ભૂંસી નાખશે, અને તું નિંદા તથા અકીર્તિને જ પ્રાપ્ત કરીશ. પ્રિય પાંડવ, આના કરતાં વધુ દુ:ખ તારે માટે શું હોઇ શકે? આવી અપકીર્તિ મેળવીને તું જીવે, તેના કરતાં તારું મરણ ઓછું દુ:ખકારક ગણાય. આમ લાખો લોકોનો અભિપ્રાય લેશે, તો તેઓ તને દૃઢનિશ્ચય થઇ લડવાનો જ માર્ગ બતાવશે."

શ્રીકૃષ્ણે વર્ણવેલા સામાન્ય લોકોના દૃષ્ટિબિંદુની અર્જુન ઉપર બહુ અસર ન થઇ. એ બોલ્યો :

"અજ્ઞાની અને પામર એવા સામાન્ય લોકોની વિચારસરણીને આપ શું જોઇને મારી આગળ મૂકો છો? ભૂખ, નિદ્રા, ભય અને કામ એ ચાર જ વિશયોને સમજનારો સામાન્ય જનસમૂહ એ તે કાંઇ મનુષ્યજાતિ છે? હું તો એમને પશુ જેવા જ ગણું છું. જેમ મસ્ત કરેલા હાથી, ગેંડા, પાડા કે મેંઢા મૂઢપણે લડવાને આવે છે, પણ તેમાં પોતાનું શું હિતાહિત છે તે સમજી શકતા નથી, તેમ અઢારે અક્ષૌહિણી સેના અમારા ઉશ્કેરનારાં સંભાશણોથી અને સ્વર્ગની કે મોટાં મોટાં ઇનામોની અમે ઉત્પન્ન કરેલી લાલચોથી ઠગાઇને પોતાના નાશાર્થે જ અમારી પાછળ આવે છે. ધર્મ-અધર્મની જેવી સમજણ અમે એમને આપી છે, તે પ્રમાણે તેઓ એને પકડી બેઠા છે અને વર્તે છે. એમણે કરેલી કીર્તિ અને નિંદા એ બેયની કિંમત હું સરખી જ સમજું છું. સામાન્ય જનતાની વાહવાહથી પોતાના વર્તનની સત્યતા ઠરાવનારો અને એમના ફિટકારથી પોતાને અસત્યધર્મી માનનારો પુરુશ મૂર્ખ સમજવો જોઇએ. એમના દૃષ્ટિબિંદુથી મારો ધર્મ ઠરાવવાનું, કૃપા કરી, મને કહેશો મા."

સામાન્ય પ્રજા વિશે અર્જુનના મનમાં આવી તુચ્છપણાની બુદ્ધિ રહેલી છે, એ જાણીને શ્રીકૃષ્ણને આશ્ચર્ય અને ખેદ થયાં. ગોવાળિયાઓના પ્રેમામૃત પર ઊછરેલા યશોદાનંદન મનમાં વિચારવા લાગ્યા :

"અહોહો, અર્જુનને સ્વબુદ્ધિનો આટલો બધો ગર્વ છે, એ તો મારા ખ્યાલમાં જ આવ્યું નહોતું. અર્જુનને આ કટોકટીને વખતે આવો મોહ ઉત્પન્ન થાય છે એનું હવે મને આશ્ચર્ય લાગતું નથી. આવા અહંકારી ચિત્તને સ્પષ્ટ ધર્મ ન જ સમજાય, અને જેમ જેમ એ બુદ્ધિ વાપરવાનો પ્રયત્ન કરે તેમ તેમ એ વધારે ગૂંચાતો જ જાય. આ અર્જુન એમ સમજતો લાગે છે કે, બુદ્ધિ એટલે તર્કશક્તિ. એ જાણતો નથી કે એકલી બુદ્ધિ એ તો વાસના કે આવેશની દાસી છે. ભાવનાની શુદ્ધિ અને નમ્રપણે સત્યશોધનની વૃત્તિ વિના, ગમે તેવો પંડિત હોય તોયે તે ધર્મનો માર્ગ જાણી શકે નહિ. માટે, મારે આ અર્જુનનું ગર્વખંડન પહેલું કરવું જોઇશે."

પતિત, પામર, શ્રદ્ધાળુ તથા ભોળાં સ્ત્રીપુરુશોનું જ હિત જેમના હૈયામાં રહેલું હતું; જેમના પ્રેમનું માત્ર સ્મરણ થતાં જ જે, જ્ઞાની છતાં, ભાવવશ થઇ જતા, એવા શ્રીકૃષ્ણ અર્જુને કરેલી સામાન્ય લોકોની આવી નિંદાને સહન કરી શક્યા નહિ. અર્જુન પ્રિય સખા હતો, આજે શિશ્યભાવે શરણે આવેલો હતો, છતાં એમની વાણીમાં કાંઇક ભાવવિશેષતા અને રોશ જણાયા વિના રહ્યાં નહિ. એ બોલ્યા :

"ધજા ઉપર વાનરનું ચિહ્ન રાખનારા અને વાનરના જેવા ઢીંચણ સુધી લાંબા હાથ હોવાનો ગર્વ રાખનારા મારા પ્રિય ધનુર્ધર! પોતાના જાનમાલની પરવા ન કરી કેવળ સ્વામીભક્તિની જ ભાવનાને વશ થઇ આવેલા, ભલા ભોળા અને શૂર સૈનિકોનાં સ્વાર્પણની તેં કિંમત તો ઠીક આંકીને તારી સારમાણસાઇ સિદ્ધ કરી! તારા મનમાં એવું વસેલું છે કે, સંપત્તિ અને અધિકાર વિનાના આ લાખો સૈનિકો એ કેવળ પશુ જ છે. એમનામાં કશી બુદ્ધિ નથી, વિચારશક્તિ નથી, તથા પેટ ભરવું અને પોઢવું એ સિવાય કશી સમજણ નથી. પણ તમે સંપત્તિશાલી મૂઠીભર અધિકારીઓ અને ચતુર ગણાતા જનો એટલા જ અહીં માણસો વસો છો! અર્જુન,

આવું મિથ્યાભિમાન તારા મનમાં ક્યારથી ઉત્પન્ન થયું વારુ? અથવા મારે એ પ્રશ્ન પૂછવાની જ જરૂર નથી. કારણ, જે બુદ્ધિની મલિનતાને લીધે આ કુસમયનો સંવાદ તેં ઉત્પન્ન કર્યો છે, તેને અનુસરીને જ તારા આ વિચારો છે.

"પણ સામાન્ય લોકો વિશે મારા વિચારો જુદા જ છે તે હું તને સમજાવીશ.

"અર્જુન, સામાન્ય પ્રજાગણ બુદ્ધિહીન હોય છે, અને જે સંસ્કારો તમારા જેવા ડાહ્યા લોકો એમનામાં પોશે છે તેને મૂઢપણે પકડી રાખે છે, એવી તારી સમજ ઘણી ભૂલભરેલી છે એમ માન. સામાન્ય લોકો તર્કકુશળ નથી હોતા, એ વાત સાચી. એમણે પોશેલા સંસ્કારોને તેઓ શ્રદ્ધાથી વળગી રહે છે અને તેના સમર્થનમાં બહુ દાખલાદલીલોથી વાદવિવાદ નથી કરી શકતા, એ પણ સાચું. તમારા જેવા ન્યાય ભણેલા વિદ્વાનો એમની શ્રદ્ધા સામે શાસ્ત્રાર્થ કરે તો તેઓ બાપડા મૂંઝાઇ જાય અને ઉત્તર ન આપી શકે, એ પણ સાચું. પણ કોઇ માણસ પોતાની શ્રદ્ધા માટે તર્કનો આધાર ન બતાવી શકે તેથી એ શ્રદ્ધા મૂઢપણાની છે, અથવા એની પાછળ પોતાના હિત-અહિતની કંઇ પ્રતીતિ જ નથી, એમ માનવાનું નથી.

"તેઓ બુદ્ધિહીન પણ નથી હોતા અને ભાવનાહીન પણ નથી હોતા. ઊલટું, જેમને આપણે સામાન્ય રીતે બુદ્ધિમાન ગણવા લલચાઇએ છીએ એમના કરતાં એમની ભાવના તેમ જ બુદ્ધિ વિશેષ સ્થિર અને તીક્ષ્ણ હોય છે. સામાન્ય માણસો જેટલું ગ્રહણ કરે છે તેટલું એકદમ અને પૂર્ણપણે ગ્રહણ કરી લે છે.

"સામાન્ય, ભોળી અને બુદ્ધિ વિનાની ગણાતી પ્રજા, તેમ જ ભણેલીગણેલી અને સંસ્કારી ગણાતી પ્રજા, બન્નેની વચ્ચે મારું જીવન ગયેલું છે. આથી મારો બન્ને વિશેનો અનુભવ સાંભળવા જેવો થશે.

"વ્રજરૂપી અસ્થિર ગામડાંઓવાળા અને ગાડાંઓરૂપી ઘરબારવાળા ભોળા ગોવાળિયાઓ વચ્ચે મારી બાલ્યાવસ્થા ગઇ. દ્વારકાની સમૃદ્ધિની સરખામણીમાં એ જીવન અનેક જાતની હાડમારીઓ અને જોખમોથી ભરેલું હતું. નંદ-યશોદા એ કાંઇ મારાં જન્મદાતા માતાપિતા નહોતાં. ગોપ-ગોપીઓનો હું કોઇ સગોસંબંધી થતો નહોતો. મોટાભાઇને અને મારે લીધે એ ગરીબ ગોપોને ભારે જોખમમાં રહેવું પડતું હતું. પણ ગોકુળમાં મેં જે પ્રેમ અનુભવ્યો, જે લાડ મેળવ્યાં, જે ભક્તિ જોઇ — તેનું સ્મરણ કરું છું, ત્યારે મારું હૃદય ભરાઇ જાય છે, મારી આંખોમાં ઝળઝળિયાં આવે છે, અને આ વાત કરતાં કરતાંયે મને જાણે ગળે ડૂમો આવે છે."

આટલું કહેતાં કહેતાં શ્રીકૃષ્ણ બે ક્ષણ અટકી ગયા. પછી પોતાની આંખોને લોહી નાખી પાછા સ્થિર થઇ બોલવા લાગ્યા :

"યાદવોને સમૃદ્ધ કરવા માટે મેં એક પણ ઉપાય યોજવો બાકી રાખ્યો નથી. એમના હિત માટે મેં નથી જોઇ રાત કે નથી જોયો દહાડો. એમાં મેં એક રતી જેટલોય કદી મારો સ્વાર્થ સાધ્યો નથી. એને પરિણામે યાદવોને અત્યંત યશ અને સમૃદ્ધિ મળ્યાં છે. પણ, એનું પરિણામ શું આવ્યું છે? અનેક પ્રકારનાં વ્યસનોમાં રચ્યાપચ્યા રહી પ્રજાને પીડવી અને પરસ્પર લડાઇટંટા વધારવા — એ સિવાય એ શો ધંધો કરે છે, વારુ?

"અરે! દેવકી-વસુદેવ તો મારાં સાક્ષાત માતાપિતા છે. પણ જે વિશ્વાસ અને હેત હું નંદ-યશોદામાં અનુભવતો, તે હું દ્વારકામાં નથી અનુભવતો. બાળક સ્વભાવને અનુસરીને અમે ગોકુળમાં કેટલું તોફાન કરતા! અર્જુન, દ્વારકામાં યાદવોને મન ચાંદીના બેડાની જે કિંમત ગણાય, તેથી ગોપીઓને મન માટીનું બેડું વધારે કીમતી હતું. પણ બાલ્યાવસ્થાની મસ્તીમાં અમે એને ઝટ લઇને ફોડી દેતા. એમાં પાણી હોય તો પાણી અને મહી-માખણ હોય તો તે ઢોળી નાખતા, મહી-માખણ ઉડાવી જતા કે વાનરોનેયે ખવડાવી દેતા. પણ એ બાલવત્સલ ગોપીઓ ક્ષણેક રોશ જેવું બતાવવા જાય, છતાં અંદરના હેતને લીધે હસી પડતી અને તેમનો રોશ નકામો જતો. 'માખણચોર' અને એવાં એવાં બીજાં નામો તેઓએ મને ચીડવવાને પાડ્યાં હતાં ખરાં, પણ એ નામો પાછળ પ્રેમ સિવાય બીજો ભાવ નહોતો.

"પાંડવ, ગોપોના અને યાદવોનાં પ્રેમ, ઉદારતા અને ખાનદાની વચ્ચેનો ફરક મેં તને કહ્યો. હવે તેમની વિચારશક્તિ તથા સત્યને અનુસરવાની શક્તિ વિશે મારો અનુભવ સાંભળ :

"આ યાદવો શૂર છે, સમૃદ્ધ છે, ડાહ્યા છે, સારા-નરસાનો વિવેક કરી શકનારા છે, નીતિગ્ન પુરુશોની સભાઓમાં ચર્ચા કરી શકે એવા છે, પરંતુ તેઓ દારૂના વ્યસનમાં કેવા ડૂબેલા છે તે તું સારી પેઠે જાણે છે. અરે, બીજાની શું કામ વાત કરવી? આ મોટાભાઇ પણ મદ્ય પીને ગાંડા બને છે. મદ્યની પાછળ જૂગટું, દ્રવ્ય-દારાનું હરણ વગેરે અપકૃત્યો તો, વસ્તુ પાછળ છાંયડો આવે તેમ, આવેલાં છે. આ દારૂ અમારા કુળના નાશનું કારણ થનાર છે, એ હું તને આજથી ભવિશ્ય કહી રાખું છું. એમાંથી એમને છોડાવવા વૃદ્ધ પિતાશ્રી દ્વારા મેં કેટલાયે આદેશો કઢાવ્યા છે, કેટલીયે વાર યાદવોને સમજાવ્યા છે, પણ બધું પથ્થર પર પાણી. હું તને ખાતરીથી કહું છું કે મારા ગોવાળોમાં જો કોઇ આવું વ્યસન હોત, તો તે હું એક શબ્દમાં જ છોડાવી શક્યો હોત. ઇન્દ્ર જેવાનો યજ્ઞ પણ મારા વચનને વિચારીને તેમણે બંધ કરતાં વાર લગાડી નહિ. ઇન્દ્ર કોપશે તો કેવી ભયંકર આપત્તિ આવી પડશે, એનો ડર

એમની આગળ રજૂ કરનારા કાંઇ ઓછા નહોતા. પણ એમને મારી દલીલ સમજાતાં જ, કશાયે પરિણામની બીક રાખ્યા વિના, તેમણે તુરત જ તેનો અમલ કર્યો.

"અધૂરામાં પૂરું, તેનો અમલ થયા બાદ થોડા જ દિવસમાં અણધારી વૃષ્ટિની હેલી આવી, આખું વ્રજ ડૂબી જવા બેઠું. માંડ માંડ ગોવર્ધન પર્વત પર ચડી જઇ બધાંએ આત્મરક્ષા કરી. ડાહ્યાઓ સમજાવવા બેઠા કે ઇન્દ્રનો યજ્ઞ બંધ કરાવ્યાનું ફળ મળ્યું. પણ જેમને તું કેવળ ઉદરવિશય-પરાયણ પામરજન સમજે છે, તેમનામાં આથી બુદ્ધિભેદ ન થયો. ઇન્દ્રનો હિંસામય યજ્ઞ બંધ થયો તે થયો જ.

"અર્જુન, મેં તને પહેલાંયે કહ્યું, અને ફરીથી કહું છું કે માણસે સમજી-સમજીને એક જ વાત સમજવાની છે. તે એ કે, શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ એનો એક વાર નિશ્ચય થયો, પછી એ નિશ્ચય પ્રમાણે વર્તન કરવામાં સુખ આવે, દુ:ખ આવે, યશ મળે, અપયશ મળે, લાભ થાય કે હાનિ થાય, કશાની પરવા ન કરતાં એ પ્રમાણે વર્તવું એ જ ધર્મ.

"વળી એક બીજી વાત સાંભળ : મેં તને કહ્યું કે અભણ ગોવાળિયાઓએ તો ઇન્દ્રનો યજ્ઞ તત્કાળ બંધ કર્યો; પણ એ જ સલાહ જો હું તમને લોકોને આપું, તો તમને સમજાવતાં હું ફાવું એમ મને ખાતરી નથી. કારણ કે તમે તો બધા ડાહ્યા, શાસ્ત્રોને જાણનારા, અર્થ બેસાડવામાં કુશળ પુરુશો રહ્યા. જુદા જુદા યજ્ઞોનાં ફળોનું શાસ્ત્ર તમે મારી આગળ વાંચી સંભળાવો અને મને નિરુત્તર બનાવી દો.

"આ ગોકુળના સમયનો જ એક દાખલો આપું. એક દહાડો અમે બધા ગોપબાળકો ગાયો ચરાવતાં ચરાવતાં થાકી ગયા. બપોર થઇ ગઇ હતી અને પેટમાં કકડીને ભૂખ લાગી હતી. કશું ખાવાનું પાસે હતું નહિ. પડોશમાં બ્રાહ્મણવાસ હતો. ત્યાં વિદ્યા પ્રાસ કહેલા બ્રાહ્મણો યજ્ઞહવન વગેરેનાં કામોમાં મશગૂલ હતા. ત્યાં જઇ અમે અન્ન માગ્યું. પંડિતોએ કહ્યું, અન્ન તો યજ્ઞાર્થે તૈયાર થયું છે; તેમાંથી અપાય જ નહીં! અમે ભૂખ્યા પાછા ફરતા હતા. પરંતુ આ વેદ ભણીભણીને કર્મજડ બનેલા બ્રાહ્મણો જે યજ્ઞધર્મ સમજ્યા નહોતા, તે વેદના અધિકાર વિનાની એમની પત્નીઓ વધારે સારી રીતે સમજતી માલૂમ પડી. તેઓએ વિચાર્યું 'અરે, આ ભૂખ્યાં બાળકો અન્ન વિના ટળવળે છે, તેમને ન આપતાં અગ્નિમુખે અન્ન નાંખવાનો યજ્ઞધર્મ તે ક્યાંથી આવ્યો? શું વેદોમાં માણસને આવો ધર્મ શીખવ્યો હશે? અમને તો લાગે છે કે અમારા પતિઓ ભલે વેદ ભણ્યા હોય, પરંતુ ધર્મને તો ભૂલ્યા જ છે. અમે તો ભૂખ્યાને ખવાડવારૂપી ધર્મ આચરીને જ કૃતાર્થ થઇશું, ભલે અમારા પતિ વૈશ્વાનરમાં ઘી અને ભાત હોમતા બેસે!' આમ વિચારી તેઓએ અમને હેતથી બેસાડયા અને પેટ ભરીને જમાડી વિદાય કર્યા.

"સાચું પૂછતાં, આ અભણ વર્ગ ધર્માધર્મની બાબતમાં વિચાર કરી શકવાની શક્તિ ધરાવતો નથી એમ જો આપણને લાગતું હોય, તો તેનું કારણ એ અભણ વર્ગમાં બુદ્ધિ ઓછી છે એ નથી; પણ આપણા ડાહ્યા ગણાતા માણસો જ એનું કારણ છે. એમણે જાતે પોતાની બુદ્ધિને તર્કોમાં ગૂંચવી મેલી છે અને એ ગૂંચવણમાં તેઓ પ્રજાનેયે નાખવા ઇચ્છે છે. તેથી પ્રજા પણ કાં તો ગુંચવાય છે અથવા પંડિત ગણાતા લોકોને સમજી જ શકતી નથી."

કૃષ્ણદેવની જનતા માટે અત્યંત પ્રેમ અને આદર દર્શાવનારી તથા ભાવનાના આવેશવાળી વાણીનો પ્રવાહ અર્જુનના મદને ક્યાંય ખેંચી ગયો. જે લાખો સૈનિકો એને માટે પ્રાણાર્પણ કરવા આવેલા હતા, તેને માટે એણે જે તુચ્છ ભાવ બતાવ્યો હતો તેથી એ હવે શરમાઇ ગયો. જેના બળ પર મુકુટધારીઓ પોતાના મુકુટની સ્થિરતા માટે આધાર રાખે, એવા જનાર્દનનો સામાન્ય પ્રજાગણ માટેનો પ્રેમ જોઇ, તેમના અપાર ઐશ્વર્ય અને ભાવનું જાણે રહસ્ય જોયું હોય એમ અર્જુનને લાગ્યું. લજ્જાથી નમ્ર બનેલો તે બોલ્યો :

"શ્રીકૃષ્ણ, પ્રિય સખા, સામાન્ય જનો પ્રત્યે મેં બતાવેલા અનાદર માટે મને ક્ષમા કરો. ધર્મનું તત્ત્વ ભણેલા જ સમજી શકે અને અભણ ન સમજે, એ મારા વિચારમાં રહેલી ભૂલ મને સમજાઇ છે. પણ ત્યારે હવે ધર્માધર્મ ઠરાવવાનો માર્ગ શો? વેદશાસ્ત્ર-સંપન્ન શાસ્ત્રીઓને પણ એ કાર્યને માટે તમે અયોગ્ય ઠરાવ્યા. ત્યારે હવે કર્તવ્ય શું એ ઠરાવવાનો જે ચોક્કસ માર્ગ હોય તે મને બતાવો, જેથી હું નિશ્ચિતપણે મારા ધર્મને સમજું."

અર્જુનનો પ્રશ્ન સાંભળી શ્રીકૃષ્ણ પ્રસન્ન સ્વરે બોલ્યા :

"અર્જુન, પ્રજાનાં ધારણ અને પોશણ માટે આવશ્યક કર્મો અવશ્ય આચરવા યોગ્ય ગણાય. પરંતુ સામાન્ય માણસ એ કર્મોને એમાંથી નીપજનારાં ફળો પ્રત્યિે દૃષ્ટ રાખીને જ કરે છે. પણ કર્મો લાભદાયી જ થાય, એવું હમેશાં બનતું નથી. અનેક વિઘ્નો ઉત્પન્ન થઇ તે મનુષ્યની ગણતરી ખોટી પાડે છે. આ પરિસ્થિતિમાં, કર્મના ફળ વિશે આસક્તિવાળો મનુષ્ય ધીરજ ખોઇ બેસે છે અને પોતાના ચિત્તને ક્લેશ કરે છે.

“અમુક કર્મ કરવાની ફરજ છે એવો નિશ્ચય થવા છતાં, જે પુરુશ ફરજને મહત્ત્વ આપવાને બદલે એની સિદ્ધિ-અસિદ્ધિને મહત્ત્વ આપે છે, તે કર્તવ્યકર્મો કરવા છતાંયે સદા અશાંત અને ઉતૃપ્ત જ રહે છે. આથી કર્માચરણ એ જ સર્વસ્વ નથી, પણ એના ફળ વિશે અનાસક્તિ — અથવા કર્માચરણને અંતે લાભ થાઓ, ગેરલાભ થાઓ, યશ મળો, અપયશ મળો, એ બન્ને સ્થિતિમાં ચિત્તની જ્ઞાનયુક્ત સમતા — એ અતિશય મહત્ત્વની વસ્તુ છે.

“વળી, કર્મ પણ યજ્ઞ સિવાય બીજા હેતુથી કરવામાં આવે, તો તે વાસનાને પોશનારાં થાય છે. પણ, જો તે યજ્ઞાર્થે કરવામાં આવે તો બંધનકારક થતાં નથી. આથી તું કેવળ ફળ વિશેની જ આસક્તિ છોડીને નહિ, પણ યજ્ઞાર્થે તારાં કર્મો કર."

# યજ્ઞ એટલે શું?
## અધ્યાય ત્રીજો

અર્જુને પૂછયું "એ રીતે યજ્ઞાર્થે કર્મ કરવાં, એટલે શું?"
આ સાંભળી, જેમ કોઇ કુશળ આચાર્ય વિદ્યાર્થી આગળ શાસ્ત્રનું વિવરણ કરે તેમ, શ્રીકૃષ્ણ બોલ્યા :
"કીડી-કીડાથી માંડી મનુષ્યસૃષ્ટિ સુધી કોઇયે પ્રાણીને પોતાના જીવનના નિર્વાહ માટે કાંઇ ને કાંઇ પ્રવૃત્તિ કર્યા વિના ચાલતું જ નથી. સમજુ અને અણસમજુ માણસ, બંનેને પોતાના શરીરના નિર્વાહ માટે કર્મ કરવું જ પડે છે. જો સમજુ માણસ પણ કેવળ પોતાના જ નિર્વાહ માટે કર્મ કરીને બેસી રહે, તો સમજુ અને અણસમજુમાં ભેદ શો?
"અર્જુન, ગાય પોતાનાં વાછડાં માટે દૂધની સેર છોડે છે. પક્ષીઓ પોતાનાં બચ્ચાં માટે કેટલીય હાડમારી વેઠે છે. બાળક માટે સ્ત્રી કેટલાંયે સ્વસુખોનો ત્યાગ કરે છે અને કષ્ટો ઉઠાવે છે. જો આમ પ્રાણીમાત્ર બીજાં માટે કષ્ટ ન ઉઠાવતાં રહ્યાં હોત, તો આ સંસારનો અંત ક્યારનોયે આવી ગયો હોત.
"પણ આમ નિકટનાં સગાં માટે પ્રાણીઓ પોતાનાં સુખનો ત્યાગ કરી જે કષ્ટ સહન કરે છે, તેનું કારણ વિશ્વાત્માએ પ્રાણીમાત્રના હૃધમાં જે મોહ અથવા પ્રેમ મૂક્યો છે તે છે. એને વશ થઇને અણસમજુ પ્રાણીઓ પણ તેવા પ્રકારનો ત્યાગ કરે જ છે. આવી જાતનું કષ્ટસહન એ સત્કર્મ હોવાથી જરૂર કરવા જેવું છે. પણ ચિત્તશુદ્ધિ કરાવનારું જે યજ્ઞરૂપી સત્કર્મ, તે આટલેથી જ અટકતું નથી.
"ત્યારે યજ્ઞની શી વિશેષતા છે તે સાંભળ : સૂર્ય તપે છે, પણ અમુક પ્રાણીઓને જ પોતાનો પ્રકાશ આપવો અને અમુકને ન આપવો, એવો ઉદ્દેશ રાખતો નથી. મેઘ વરસે છે; અગ્નિ બાળે છે, પવન વાય છે, પૃથ્વી ધારણ કરે છે, નદી તરસ ભાંગે છે; પણ તે કોઇ ખાસ પ્રાણીને ઉદ્દેશીને પોતાની ક્રિયાઓ કરતાં નથી. આથી મેં એવો સાર કાઢયો છે કે દેવોનાં કર્મો પ્રાણીઓમાં ભેદબુદ્ધિ વિનાનાં, પક્ષપાત વિનાનાં, સહજપણે સંસારનાં ઉત્પત્તિ, સ્થિતિ કે લય માટે થતાં હોય છે. એથી પાપી કે પુણ્યશાળી, વનસ્પતિ, જંતુ કે મનુષ્ય સર્વને સરખાં જ લાભ કે હાનિ થાય છે. એટલે કે એ સમદૃષ્ટિથી થાય છે. વળી દેવોનાં કર્મો ઉત્પત્તિ કે પાલનને શ્રેષ્ઠ અને સંહારને કનિષ્ટ ગણવાં, એવોયે ભેદ નથી રાખતાં. એમનાં આચરણોથી ક્યાંક અને ક્યારેક ઉત્પત્તિ થાય છે, ક્યારેક પાલન થાય છે, તથા ક્યારેક સંહાર પણ થાય છે.
"જેમ દેવોનાં કર્મો પક્ષપાત વિના થાય છે, તેમ જે સત્કર્મો કોઇ વિશેષ વ્યક્તિને ઉદ્દેશીને નહિ પણ સમાનદૃષ્ટિથી કરવામાં આવે તે યજ્ઞકર્મ છે. આ કેવી રીતે એ હું દાખલાથી તને સમજાવીશ.
"ગોપો સેંકડો ગાયો રાખે છે અને તેમનું પ્રીતિથી પાલન કરે છે. પણ તે પોતાને માટે જ તેને ધંધારૂપે કરે છે, માટે તેને કોઇ યજ્ઞ નથી કહેતું. વળી કોઇ ગૃહસ્થ પોતાના મિત્રોને આમંત્રણ આપી દરેક પ્રકારે તેમની આગતાસ્વાગતા કરે છે. પણ આથી તેણે અતિથિયજ્ઞ કર્યો, એમ કહી શકાતું નથી.
"પરંતુ જો કોઇ પુરુશ ગાયો પ્રત્યેની ભક્તિને લીધે ગાયોના નિર્વાહાર્થે પોતાનાં ગોચરોનો લાભ જે ઇચ્છે તે લઇ શકે એવી રીતે અર્પણ કરે; અથવા કોઇ ગૃહસ્થ માનવો પ્રત્યેની ભક્તિથી પ્રેરાઇને પ્રવાસી, દીન, ભૂખ્યાં મનુષ્યને સન્માનપૂર્વક જમાડે, તો તેમણે યજ્ઞ કર્યો એમ કહેવાય.
"પરિશ્રમપૂર્વક નિર્માણ કરેલા ધનધાન્યાદિકને તથા પોતાની સર્વ શક્તિઓને કોઇ વિશિષ્ટ પ્રાણીઓને ઉદ્દેશીને જ નહિ, પણ સંસારમાં જે કોઇ એના ક્ષેત્રમાં આવી જાય તેના હિતાર્થે ભક્તિપૂર્વક અર્પણ કરવાં, એને મેં જીવનનો કર્મયોગરૂપી શ્રેષ્ઠ યજ્ઞ માનેલો છે. એમ કરતાં જે કાંઇ પોતાના નિર્વાહાર્થે મળી શકે તેને ઇશ્વરનો અનુગ્રહ માની ઉપભોગ કરવો, તેને હું યજ્ઞની પ્રસાદી કહું છું.
"આ રીતે થતા યજ્ઞકર્મથી આ સંસારનું ચક્ર ચાલી રહ્યું છે. એ ચક્ર પ્રત્યેક ભૂતપ્રાણીએ પોતપોતાનાં નાનાં ક્ષેત્રોમાં ઓછાવત્તા પ્રમાણમાં ચાલુ રાખવું જોઇએ."
આ પ્રમાણે પોતાનું વિવેચન પૂરું કરી, શ્રીકૃષ્ણ થોડીક ક્ષણ સુધી મૌન ધારી રહ્યા. પરંતુ એને લગતી વિચારપરંપરા હજુ એમના મનમાં ચાલુ રહી હતી. એ ચિંતનના પ્રવાહમાં જ શ્રીકૃષ્ણે અનાયાસે વળી પાછી વાણીરૂપી પોતાની વીણાને છેડી :

"લોકકલ્યાણ ઇચ્છનારા મહાપુરુશો દરેક પ્રાણીને તેનો સ્વભાવ ઓળખીને એને માટે યોગ્ય કર્મમાર્ગ કયો તે દર્શાવે છે. પોતાના સ્વભાવને અનુકૂળ થઇને રહેલો એવો કર્મમાર્ગ તે એ પ્રાણીનો સ્વધર્મ કહેવાય. બીજો ધર્મ સોહામણો લાગનારો હોય અને પોતાથી સારી રીતે આચરી શકાશે એમ લાગતું હોય, તોયે મનુષ્યે સ્વધર્મનું આચરણ કરવું શ્રેયસ્કર છે.

"અર્જુન, બાળપણથી જ નહિ પણ વંશપરંપરાથી તને ક્ષાત્રધર્મના આચરણ માટે ઉછેરવામાં આવેલો છે. તારી પ્રકૃતિ યુદ્ધકર્મને અનુકૂળ હોઇ, તારી કેળવણી પણ એ જ કર્મ માટે થયેલી છે. સર્વ સમાજ તારી પાસે એ જ કર્તવ્ય અદા થવાની અપેક્ષા રાખે છે. એ કર્મ બજાવતાં બજાવતાં તુંયે ઉત્તરાવસ્થાની સમીપ આવવા માંડયો છે. હવે તારા ધર્મને જ વફાદાર રહી, તે ધર્મ બજાવતાં બજાવતાં મરવું એ શ્રેય છે, પણ એનો ત્યાગ કરી પરધર્મ આચરવા પ્રયત્ન કરવો એ તારે માટે તેમજ સૌ કોઇ માટે ભયાનક થશે."

[પહેલા ત્રણ અધ્યાયોમાં 'ગીતા'ના ખાસ ઉપદેશના સર્વે મુદ્દાઓ આવી ગયા. પછીના અધ્યાયોમાં કોઇ નવો સિદ્ધાંત આવતો નથી, પણ એ ઉપદેશોનું વિશેષ સ્પષ્ટીકરણ આવે છે. જેમ કોઇ મંદિરનો પાયો અને ખોખું તૈયાર કરીએ, તેમ પહેલા ત્રણ અધ્યાયો છે. પાછલા અધ્યાયો એ પહેલા ત્રણ પર ઉત્પન્ન કરેલી ઇમારત છે. — કિ. ધ. મ.]

# શાંતિ જોઇતી હોય તો —
## અધ્યાય ચોથો

વાસુદેવનાં આ વાક્યો સાંભળી અર્જુન પાછો વિચારમાં પડી ગયો. તેણે વધારે જાણવાની ઇચ્છાથી પૂછયું : "યદુનાથ, ચિત્તશુદ્ધિની ઇચ્છાથી, ભક્તિભાવથી, કૃતજ્ઞ-બુદ્ધિથી અને સાર્વજનિક હિત માટે કરેલું સત્કર્મ તે યજ્ઞકર્મ કહેવાય, એમ તમે મને સમજાવ્યું હતું. એવા યજ્ઞો કેટલી જાતના થઇ શકે તે મને સમજાવીને સંતુશ્ટ કરો."

યદુવીરે જવાબ આપ્યો :

"સામાન્ય રીતે લોકો જેને યજ્ઞ કહે છે તેમાં યજમાન અગ્નિ પ્રગટાવી તેમાં પોતાની કાંઇક મૂલ્યવાન વસ્તુઓને હોમે છે. એ વસ્તુઓ બળીને નાશ પામે છે અને યજમાનને સ્થૂળ દૃષ્ટિએ તે વસ્તુનું નુકસાન થાય છે. પરંતુ પોતાની શ્રદ્ધા, ભક્તિ અને કૃતજ્ઞતાને લીધે યજમાન તેને માટે શોક કરતો નથી. પણ ઊલટો પોતે એટલું હોમી શક્યો અને ખરચ ખમી શક્યો તે માટે હર્ષિત થાય છે અને ઇશ્વરનો પાડ માને છે. આમાં જ એની ચિત્તશુદ્ધિ રહેલી છે.

"આ પ્રમાણે જ્યાં જ્યાં માણસ પોતાને કાંઇક પ્રિય અને કીમતી જણાતી સ્થૂળ વસ્તુનો, સુક્ષ્મ વિશયનો કે વાસનાનો ત્યાગ કરી પોતાને કઠણ લાગતું, પરિશ્રમ આપતું કાંઇક કર્મ સતત કરે ત્યાં યજ્ઞ થાય છે.

"માણસ ભોગ ઇચ્છે કે મોક્ષ ઇચ્છે, પહેલાં પોતાનું કાંઇક પ્રિય, કાંઇક મૂલ્યવાન, કાંઇક છોડવું કઠણ પડે એવું તેણે અર્પણ કરવાનું છે, ને પછી પામવાની આશા કરવાની છે. જે અર્પણ કરવાને, છોડવાને તૈયાર નથી, તે મેળવી શકતો જ નથી. ખેડૂત પહેલું ગાંઠનું બી જમીનમાં દાટે, તો જ પાક મેળવે — એ ખેતીનો નિયમ વિશ્વની સર્વ સિદ્ધિઓને લાગુ પડે છે.

"અર્જુન, મોક્ષની ઇચ્છાવાળો પુરુશ સૌથી પહેલાં દ્રવ્યયજ્ઞ કરે. એ પોતાનાં ધન-ધાન્ય-સંપત્તિ સર્વે ઇશ્વરપ્રીત્યર્થે કરી મૂકે. એટલે કે, એ સર્વેને પોતાનાં ન સમજી, પરમેશ્વરનાં સમજી, જગતનાં ભૂતોના હિતાર્થે તેનો વિનિયોગ કરે.

"સર્વ જડ ધન પરથી આસક્તિ છોડી બેઠેલો મુમુક્ષુ એટલેથી પોતાને કૃતાર્થ થયેલો ન માને. એ ઉપરાંત, તપરૂપી યજ્ઞ પણ એણે કરવો રહ્યો. ધનધાન્યનો મોહ છોડવો સહેલો નથી, પણ ઇંદ્રિયોને સંયમમાં રાખવી એથીયે વિશેષ કઠણ છે. માટે શ્રેયાર્થીએ દ્રવ્યયજ્ઞથી વિશેષ સૂક્ષ્મ અને શ્રેયસ્કર તપયજ્ઞ પણ કરવો જોઇએ.

"પણ દ્રવ્યને અને ઇંદ્રિયોના વિશયોને અર્પણ કરી બેઠેલો માણસ જડ થઇને બેસી રહે એવો સંભવ છે. યજ્ઞનું પ્રયોજન અને શ્રેયાર્થીનું લક્ષ્ય એના ધ્યાનમાં જ ન આવ્યું હોય એમ બને. આથી એણે તપયજ્ઞથી વધારે સૂક્ષ્મ અને શ્રેયસ્કર એવો સ્વાધ્યાય-યજ્ઞ કરવો જોઇએ. ઇંદ્રિયોને આત્મજ્ઞાનને સહાયરૂપ થનારા સદ્વિશયોમાં યોજવી જોઇએ.

"આ રીતે આત્મજ્ઞાન માટેની ભૂમિકા તૈયાર કર્યા બાદ તેણે જ્ઞાનયજ્ઞમાં પ્રવૃત્ત થવું જોઇએ. આત્માને ઓળખવો, એ સિવાય બીજી સર્વે વાસનાઓનો ત્યાગ કરી, ભક્તિથી અને જ્ઞાનથી ચિત્તને શુદ્ધ કરવું, એ જ્ઞાનયજ્ઞનાં અંગો છે. આ જ્ઞાનયજ્ઞ એ સર્વે યજ્ઞોને શિખરે છે.

"પણ અર્જુન, શ્રદ્ધાવાન પુરુશ જ જ્ઞાન પામી શકે. શ્રદ્ધાવાન એટલે બુદ્ધિ વિનાનો, અજ્ઞાન, જે તે વસ્તુને માની લેનારો, એમ નહિ. શરદ્ધાવાન એટલે સત્યમાં શ્રદ્ધાવાળો. સત્યથી કશું શ્રેષ્ઠ નથી એમ જે સમજે છે, અને તેથી તેને માટે બાકી બધું જતું કરવાની હિંમતવાળો છે, તે શ્રદ્ધાવાન કહેવાય.

"વળી, જેમ તેને અંતિમ સત્યમાં શ્રદ્ધા હોવી જોઇએ, તેમ એનાં સાધનરૂપ સાત્ત્વિક ગુણોમાં અને કાર્યોમાંયે એને શ્રદ્ધા હોવી જોઇએ. સદ્વાણી, સત્કર્મ, સદ્ગુણ અને સદ્વિચારનું નિરંતર અનુશીલન કરવાવાળો, તે માટે આદર રાખવાવાળો, અને તેને જ સંપત્તિ સમજી તે પ્રાપ્ત કરવા મથનારો તે હોવો જોઇએ.

"વળી, હે પ્રિય, શ્રદ્ધાવાનનું વિશેષ લક્ષણ કહું તે સાંભળ. શરદ્ધાવાન પુરુશ નિરભિમાની હોય. પશુ, પંખી અને જડ ભૂતોમાંથીયે એ ઉપદેશને શોધે; નાના બાળક પાસેથીયે શીખવા જેવું શીખી લેતાં એ શરમાય નહિ. કોઇ પણ વિશયને લગતો સાચો વિચાર કે રીત બતાવનાર બ્રાહ્મણ હોય કે ક્ષુદ્ર, પુરુશ હોય કે સ્ત્રી, સ્વામી હોય કે ગુલામ, એ નિરભિમાની થઇ તેની પાસેથી શીખે, અને જેની પાસેથી રજ જેટલુંયે શીખ્યો હોય તેના પ્રત્યે હંમેશાં કૃતજ્ઞ રહે.

"અર્જુન, આવો પુરુશ આત્મજ્ઞાનરૂપી પરમસત્ય મેળવે છે. પરમશાંતિ એ આત્મજ્ઞાનનું ફળ છે. શાંતિ એટલે સમતા. શાંતિ એટલે આનંદની ભરતી નહિ કે વિશાદની ઓટ નહિ. શાંતિ એટલે પ્રેમનું વેવલાપણું નહિ અને લાગણીશૂન્યતાનું શુશ્કપણું નહિ. શાંતિ

એટલે સારા કે નરસા ભાવોનો આવેશ કે ઉન્માદ નહિ. શાંતિ એટલે મૂંઝવણમાંથી માર્ગ મળે તો હર્ષ અને ન મળે ત્યાં સુધી ગભરાટ, એમ નહિ. પણ શાંતિ એટલે સર્વ પરિસ્થિતિમાં ધીરજથી વિચાર કરવાની શક્તિ, અનિવાર્ય દુ:ખોને વગર ફરિયાદે સહન કરી લેવાની શક્તિ, સુખથી ઘેલા ન થઇ જવાની શક્તિ.

“તારે શાંતિ અને સમાધાન જોઇતાં હોય, તો મારા ઉપદેશેલા કર્મયોગનું આચરણ કર."

# ધોરી રસ્તો
## અધ્યાય પાંચમો-છઠ્ઠો

યાદવચંદ્રે કહેલો આત્મજ્ઞાનનો મહિમા અર્જુને ઉત્સાહપૂર્વક સાંભળ્યો. પણ વળી પાછો એ મૂંઝવણમાં પડી ગયો અને બોલ્યો :
"વહાલા માધવ, તમે હમણાં કહ્યું કે આત્મજ્ઞાનથી પર કાંઇ નથી. માટે મારે એ જ પ્રાપ્ત કરવું જોઇએ. આ ઉપરથી જણાય છે કે સાંસારિક કર્મોની પ્રવૃત્તિના કરતાં, સંન્યાસ લઇ આત્મજ્ઞાનની સાધનામાં જીવન ગાળવું એ જ શ્રેયનો માર્ગ છે. તો પછી પુનહ્ કર્મયોગનું આચરણ કરવાનું તમે શી રીતે કહો છો, તે હું સમજી શકતો નથી. એક વાક્યમાં તમે સંન્યાસને અનુકૂળ વિચારો દર્શાવો છો, અને પછી બીજા જ વાક્યમાં કર્મયોગનો ઉપદેશ આપો છો! તો, લાંબી ચર્ચા જવા દઇ મને એક નિશ્ચિત વાક્યમાં જ કહી નાખોને કે સંન્યાસ વધારે સારો કે કર્મયોગ?"
અર્જુનનાં આવાં વચનો સાંભળી શ્રીકૃષ્ણ રાજી થયા અને પ્રેમથી તેનો વાંસો થાબડી બોલ્યા :
"અર્જુન! જો એક વાક્યથી જ તું સમજી જવાને તૈયાર હોત, તો તો આ બાણો છોડવાને ટાણે મારે શું કામ ચર્ચામાં ઊતરવું જ પડત? અલ્યા ભાઇ, તારે લડવું જોઇએ, નહિ લડે તો તું અધર્મમાં પડીશ, અજ્ઞાની ઠરીશ, મોહમાં પડેલો ગણાઇશ, એમ કહી કહીને તો મારું ગળું સુકાઇ ગયું; છતાં ક્યાં એ તારા ધ્યાનમાં ઊતરે છે? અને વળી, મને ઠપકો દે છે કે હું નિશ્ચિત અભિપ્રાય આપતો નથી! તું તો મારી પાસે તત્ત્વચર્ચા માગે છે! તત્ત્વચર્ચા માગે, એટલે મારે બેય પક્ષો તને સમજાવવા પડે, બેયની વિશેષતા સમજાવવી પડે. આમ હું એકના ગુણોનું વર્ણન કરું ત્યારે તું એમ સમજી લે છે કે બીજો માર્ગ ખોટો, અને બીજાનું ગુણવર્ણન કરું ત્યારે પહેલાને ખોટો માનવા માંડે છે !
"અર્જુન, સંન્યાસ તેમજ કર્મયોગ, બંને શ્રેયદાતા છે. બેમાંથી ગમે તેનું આચરણ બરાબર થાય, તો તે એક જ સ્થાને પહોંચાડે છે. પણ તેમાંથી સંન્યાસ કરતાં કર્મયોગને હું વિશેષ માનું છું. આનું કારણ એ છે કે કર્મયોગનો માર્ગ એ ધોરી રસ્તા જેવો છે. હજારો ને લાખો લોકોનો એ સ્વાભાવિક માર્ગ છે. વિવેકી અને શ્રેયાર્થી પુરુશ એ માર્ગે પણ તે જ સ્થાને પહોંચે છે જ્યાં સંન્યાસી પહોંચે. બન્નેની છેલ્લી પ્રાપ્તિ સરખી જ છે. પણ સંન્યાસમાર્ગ એ સહજ નથી, બધાને તે સિદ્ધ થતો નથી.
"ધોરી રસ્તે ચાલનારો માણસ રઝળતો રઝળતો જાય, ક્યાંક ઊભો રહી જાય, રસ્તાને છોડયા વિના આગળ જાય અને પાછો આવે, તોયે તે ભૂલો પડી જઇ શકતો નથી. એને પહોંચવામાં વિલંબ થાય, એટલું જ. પણ ધોરી રસ્તાને છોડી, જંગલોની કેડીએ ચાલવા ઇચ્છનાર જો પ્રમાદમાં પડી દિશાનું સંધાન ચૂકે, તો ગોથાં જ ખાયા કરે અને કદાચ નયે પહોંચે એમ બને : કારણ, એણે હજારોનો સાથ છોડયો છે. કર્મયોગનું સ્વાભાવિક ક્ષેત્ર છોડી જે સંન્યાસમાર્ગે જાય, તે જો પ્રમાદ કરે તો એ કર્મયોગથી પડેલો તો છે જ, અને સંન્યાસીની સિદ્ધિને તો પામે ત્યારે ખરો.
"કારણ, હું કહી ચૂક્યો છું કે કર્મોનો કે દ્રવ્યનો સ્થૂળ ત્યાગ એ કાંઇ સંન્યાસ નથી; પણ તે વિશેની આસક્તિ, તેને માટે રાગ અને દ્વેશ, તેનાં લાભહાનિથી થતા હર્ષશોક — તે સૌનો ત્યાગ એ સાચો સંન્યાસ છે.
"અર્જુન, કોઇ માણસ સંન્યાસીનું જીવન ગાળે છે કે કર્મમાર્ગીનું, તેની ભાંજગડમાં જ તું ન પડ. એ યોગીનું જીવન ગાળે છે કે નહિ, તે જ તું વિચાર. જો એ કાયાથી, મનથી, બુદ્ધિથી તેમજ ઇંદ્રિયોથી પણ આસક્તિરહિત થઇને આત્મશુદ્ધિ માટે કુશળતા-પૂર્વક, સમતાપૂર્વક અને વિવેકપૂર્વક પોતાનાં કર્તવ્યકર્મો કરતો હોય, તો તે યોગી છે. એવી રીતે કર્મનાં ફળ વિશે અનાસક્ત થઇ તે બરાબર કર્માચરણ કરે, તો અખંડ શાંતિને પામે.
"આ સમદૃષ્ટિ એ અત્યંત મહત્ત્વની વસ્તુ છે. જગતના અનેક દુશ્ટ વ્યવહારોના મૂળમાં વિશમ દૃષ્ટિ જ કારણરૂપ રહેલી છે. ધૃતરાષ્ટ્રની વિશમદૃષ્ટિ એ તમારી આપત્તિઓનું મૂળ છે. બ્રાહ્મણો અને પુરુશોની વિશમદૃષ્ટિને લીધે શુદ્રો અને સ્ત્રીઓને 'વેદ'ના અધિકારથી વંચિત રહેવું પડે છે.
"પાંડવ, હું તને પહેલાં કહી ગયો તેમાં કાંઇ વિશેષ ઉમેરો કરતો નથી. પણ એકની એક વાત એક રીતે કહેવાથી થોડીક સમજાય છે, બીજી રીતે કહેવાથી વળી થોડીક સમજાય છે. એમ પુનરુક્તિ કરવાથી એનો બોધ વિશેષ સ્પષ્ટ અને દૃઢ થતો જાય છે. માટે જ જુદી જુદી રીતે હું તને ફરી ફરીને કહેતો રહું છું.
"જે પુરુશે સમબુદ્ધિનો અભ્યાસ સંપૂર્ણ કર્યો છે, તેની ઢેકું અને સોનું, શત્રુ અને સગો, સાધુ અને પાપી, સર્વેને વિશે સમદૃષ્ટિ હોય છે. એટલે કે સોનું પ્રાપ્ત થવાથી એ પોતાને ભાગ્યશાળી માનતો નથી, અને ઢેકું જ મળવાથી દુર્ભાગી માનતો નથી; મિત્રોનું જ હિત

કરવું અને શત્રુનું અહિત કરવું, એમ ઇચ્છા કરતો નથી. વળી, એ સાધુપુરુશનો સત્કાર કરે છે ત્યારે પાપીનો તિરસ્કાર કરતો નથી, પણ પાપીને માટે યે મનમાં અનુકંપા અને કરુણા રાખી તેનું ભલું કરવા પ્રયત્ન કરે છે.

"સામાન્ય જનને સોનાને માટે જે આસક્તિ અને ઢેફા માટે જે નિરાદર હોય છે, તેવું સિદ્ધને નથી હોતું. આથી સત્યરક્ષા માટે અથવા કોઇ પ્રાણીના હિતાર્થે, જાણે એ ઢેફાનો ત્યાગ કરતો હોય તેટલી સહજ રીતે સોનાનોયે ત્યાગ કરે છે; અને સર્વે પદારથોના નાશવંતપણાને જાણતો હોવાથી, જેમ ઢેકું ખોવાઇ જવાથી સામાન્ય પુરુશ ઉદ્વેગ્ કરતો નથી તેમ, મૂલ્યવાન રત્નોનો નાશ થતાંયે તે ઉદ્વેગ કરતો નથી.

"વળી, એના પોતાના મનમાં શત્રુ પ્રત્યિયે મત્રભાવ રહે છે; એ શત્રુને મિત્ર બનાવવા ચાહે છે. પણ જ્યાં સુધી તે શત્રુપણું જ રાખી રહે ત્યાં સુધી, આવશ્યક થાય ત્યારે એનો વિરોધ કરવાનો માર્ગ પણ એને લેવો પડે છે.

"તે જ પ્રમાણે, સમદૃષ્ટિવાળાની સાધુ અને પાપીમાં સમબુદ્ધિ, તેનો અર્થ રખે તું એમ કરતો કે એ સદ્વર્તન અને દુર્વર્તન સરખી કોટિનાં જ સમજે છે, અને પુણ્ય તથા પાપ માટે એને સરખો જ ભાવ હોય છે. પાપ માટે એને ઘ્રુણા હોય છે, પણ પાપીનો એ તિરસ્કાર નથી કરતો. એ જાણે છે કે પાપી પોતાની પ્રકૃતિને વશ હોઇ, પરતંત્ર જેવો છે. આથી જે સિદ્ધ યોગી છે, તે પાપી પ્રત્યે અનુકંપા રાખે છે અને તેના ચિત્તને સુધારવા પ્રયત્ન કરે છે."

# જ્ઞાનનો સાર

## અધ્યાય નવમો

સર્વ સંકલ્પના સંન્યાસનો અને સર્વત્ર સમબુદ્ધિનો યોગ — આ બધું અર્જુને ધ્યાનપૂર્વક સાંભળ્યું. પણ જેમ જેમ તે પર વિચાર કરતો ગયો, તેમ તેમ એને સિદ્ધ કરવાની શક્યતા વિશે એ સંશયિત થતો ગયો. તેને એમ લાગ્યું કે જો આ જ માર્ગે સરવે લોકોને જવું આવશ્યક હોય, તો સામાન્ય બુદ્ધિ અને શક્તિનાં હજારો સ્ત્રીપુરુશોએ પોતાના શ્રેયની આશા છોડી દેવી જોઇએ.
અર્જુનની મુખચર્યા પરથી, એના મનમાં શા વિચારો ચાલી રહ્યા છે તે ચતુરશિરોમણિ વાસુદેવ પામી ગયા. એમને લાગ્યું કે ભક્તિનું સાધન કેટલું બળવાન છે અને બુદ્ધિથી જે સિદ્ધ ન થઇ શકે તે ભક્તિથી કેટલું શીઘ્ર સિદ્ધ થાય છે, એ અર્જુનના સમજવામાં આવ્યું નથી. આથી એનો આત્મવિશ્વાસ વધારવા માટે શ્રીકૃષ્ણિે આ વશયનું વળી જુદી રીતે નિરુપણ કરવા માંડયું :
“જો પાર્થ, આ વિશ્વને સર્વ બાજુથી વ્યાપીને જે રહ્યા છે તે પરમાત્માનું સ્વરૂપ અત્યંત અપ્રકટ અને સૂક્ષ્મ છે. જેઓ જ્ઞાનયજ્ઞ કરવાવાળા ભક્તો છે, તેઓ પોતાનાં નિત્ય કર્તવ્ય- કર્મો દ્વારા પરમાત્માની ભક્તિ કરે છે. પરમાત્માની ભક્તિમાં એક જ વસ્તુની અપેક્ષા છે, અને તે સાચા ભાવની. ઇશ્વરનો એવો ભક્તિમાન ઉપાસક પોતાની પાસે પત્ર, પુશ્પ, ફળ કે પાણી જેવાં નજીવાં સાધનો જ હોય તોયે તે વડે ઇશનું આરાધન કરી શકે છે, અને મૂલ્યવાન સંપત્તિ અર્પણ કરનાર સમ્રાટ કરતાં વધારે કૃતાર્થ થઇ શકે છે. કારણ, પરમાત્મા કેવળ એના ભાવને જ તપાસે છે, એણે અર્પણ કરેલી સંપત્તિની કિંમત તપાસતો નથી.
“પણ આ પરથી રખેને તું એમ સમજતો કે પરમેશ્વર અલ્પસંતોશી અને છેતરી શકાય એવો છે, અને તુલસીપત્ર આપી, ફૂલ ચડાવી, ફળ અને પાણીનું નૈવેદ્ય ધરીએ એટલે એની ભક્તિ સંપૂર્ણપણે થઇ જાય છે. પરમાત્માની ભક્તિ તો સર્વસ્વાર્પણ વડે જ થઇ શકે છે. એટલે કે જો ભક્તની પાસે પત્રપુશ્પ જ સર્વસ્વ હોય, તે સિવાય બીજું કશું હોય જ નહિ, તો તે તેટલાં વડે યે પરમાત્માની ભક્તિ કરી શકે. પણ જો કોઇ પુરુશ સર્વસ્વ પોતા પાસે રાખી કેવળ પત્રપુશ્પ જ ઇશ્વરાર્પણ કરે, તો તેની ભક્તિથી ભગવાન ઠગાતો નથી.
“કોઇ લોભી પુરુશ પોતાને ઘેર આવેલા પરમમિત્રની પોતાની સારામાં સારી સામગ્રીથી પરોણાગત કરવાને બદલે પોતે મિશ્ટાન્ન ખાય અને મિત્રને ખીચડી આપે, તો તેણે મૈત્રી દર્શાવી એમ ન કહેવાય; તેમ જો ભકત પોતાની સર્વસ્વ અને શ્રેષ્ઠ સંપત્તિ પરમાત્મા-પ્રીત્યર્થ સોંપવાને બદલે તેનો નાનકડો અંશ જ અર્પણ કરે, તો તે કર્મ ભક્તિ નામને પાત્ર થતું નથી.
“આથી, ઇશ્વરભક્તિને માટે બીજો શબ્દ યોજીએ તો તે સર્વસ્વાર્પણ થાય. એટલે, અર્જુન, આ પરાભક્તિ માટે તો તારે તારું સમગ્ર જીવન જ ઇશ્વરાર્પણ કરવું રહ્યું. તું જે કરે, ખાય, ભોગવે, હોમે, આપે, તપ કરે, તે સર્વ જ પરમાત્માને અર્પણ કરવું જોઇએ.
“વળી, ઇશ્વરાર્પણ એટલે પરાર્થે જીવન. જગતમાં જે કોઇ દેવ, માનવ, પશુ, પક્ષી, જીવજંતુ હોય તે સર્વ પરમાત્મરૂપ હોવાથી તેમના હિતાર્થે જીવનવ્યવહાર કરી રાખવો, એ ઇશ્વરસમર્પિત જીવન થાય.
“આ રીતે સર્વસ્વ પરમેશ્વરને અર્પણ કરી દેનારો ભક્ત, અને મેં પહેલા કહ્યો તેવો સર્વસંકલ્પ-સંન્યાસી, એ બેમાં ભેદ નથી."

# ભક્તનાં લક્ષણો
## અધ્યાય બારમો

અર્જુને અત્યાર સુધી જે કાંઇ સાંભળ્યું, તે ઉપર હવે એ શાંતપણે વિચાર કરવા લાગ્યો. એમ વિચાર કરતાં તે બોલ્યો :

"તમે પહેલાં એમ કહ્યું કે સંન્યાસ એટલે સાંસારિક કર્મોનો ત્યાગ એમ નહિ, પણ કર્મનાં ફળોનો ત્યાગ તે સંન્યાસ. વળી તમે એમ કહ્યું કે અનન્ય ભક્તિની પરાકાષ્ઠા કર્યા વિના કર્મફળત્યાગ રૂપી પરિણામ ઉદ્ભવતું નથી. તો આવા અનન્ય ભક્તનાં સર્વ લક્ષણો જાણી લેવા હું ઉત્સુક થયો છું, અને તેનું નિરૂપણ કરવા તમને વિનંતી કરું છું."

પોતાના પ્રિય મિત્રનું અત્યંત હિત કરવાને તથા તેના સઘળા શુભ કોડને પૂરા પાડવાને સદા તત્પર રહેનારા ભક્તવત્સલ શ્રીકૃષ્ણે અર્જુનની વિનંતીને તુરત જ માન્ય કરી. તે બોલ્યા :

"ચિત્તનો ભક્તિમાન અને શ્રદ્ધાવાન સ્વભાવ એ અનન્ય ભક્તની વિશેષતા છે. મારો પ્રિય સ્વામી, મારો હિતેશ્રી, મારો વહાલો દેવ, એ જ સર્વત્ર વસેલો છે, એને મારાથી રજ જેટલોયે ન દૂભવાય, એવા દૃઢ નિશ્ચયથી અને પ્રેમના જોરથી ઇશ્વરનો પરમ ભક્ત કોઇ ભૂતપ્રાણીને વિશે દ્વેશબુદ્ધિ રાખી જ શકતો નથી. જેમ સૂર્યને રાત્રીનો અનુભવ કરવો શક્ય થતો નથી, તેમ દ્વેશબુદ્ધિ કેમ ઊપજતી હશે એ ભક્તને સમજવામાં જ આવી શકતું નથી. પોતાનું ગળું કાપવા આવનાર પ્રત્યે પણ એના મનમાં દ્વેશ નથી વસતો, કરુણા વસે છે. તો, એ જ્યાં કાંઇક પણ સારું જુએ ત્યાં મિત્રભાવથી ભરેલો હોય, અને રજ જેટલી પણ પીડા જુએ ત્યાં કૃપાથી ભરાઇ જાય, એમાં શું કહેવું?

"જેમ બાળક માને આવતી જુએ એટલે એ પોતાના હર્ષને સમાવી જ શકતું નથી, અને માની સામે દોડી ગયા વિના એનાથી રહી શકાતું નથી, તથા આવા એના સ્વભાવ માટે એ કદી ગર્વ લેવા જેટલો વિચાર પણ કરવા બેસતું નથી; તેમ ભક્ત પોતાના પ્રેમના બળથી પ્રેરાયેલો જે કાંઇ સત્ક્રિયા કરે છે, તે વિશે મમતા કે અહંકાર અનુભવવા જેટલો વિચાર કરવા થોભતો જ નથી. એનાં સત્કર્મો માટે એની કોઇ પ્રશંસા કરે તો તેનું એને આશ્ચર્ય લાગે છે; કારણ કે એની તો એવી જ માન્યતા હોય છે કે એણે બતાવેલો સદ્ભાવ એ સામાન્ય માનવધર્મ જ છે, એટલે કોણ એવો બેપગો મનુષ્ય હશે કે જે એથી જુદી રીતે વર્તે? બીજા કરતાં કોઇ વિશેષ વર્તન કર્યાનું ભાન થયા વિના અભિમાન આવતું નથી. એવું ભાન જ એને ઊઠતું નથી. માટે એ નિરહંકાર રહે છે.

"પોતાના સ્વામીની ઇચ્છાને જ પોતાની ઇચ્છા માનીને તથા તેને વિશે જ પોતાનાં મનબુદ્ધિને અર્પણ કરીને રહેલો, તથા ઇશ્વરની ઇચ્છાને અધીન જ સર્વ તંત્ર ચાલે છે અને એના હલાવ્યા વિના સૂકું પાંદડું પણ હાલતું નથી, અને એ પ્રભુ પોતાના ભક્તનું હિત જ કરવાવાળો છે એવી દૃઢ શ્રદ્ધાવાળો, વળી એ નિયંતા જેમ રાખે તેમ રહેવાના દૃઢ નિશ્ચયવાળો ભક્ત પુરુશ સુખદુ:ખમાં સમ, ક્ષમાવાન અને સદા સંતોશી હોય એમાં શું કહેવું?

"એનાથી કોઇને ઉદ્વેગ થતો નથી; કોઇ એને ઉદ્વેગ પહોંચાડતું નથી. એ પ્રસન્ન થાય છે, પણ હર્ષઘેલો થતો નથી. ક્યાંક દુશ્ટતા જોઇ ખિન્ન થાય છે, પણ ક્રોધોન્મત્ત થતો નથી. કોઇક બાબતમાં શું પરિણામ આવશે એ વિશે શંકાશીલ થાય છે, પણ ભયાન્વિત થતો નથી. કાર્યમાં વિઘ્ન અથવા નિશ્ફળતા ઉત્પન્ન થવાથી વિચારમાં પડે છે, પણ ઉદ્વેગ કરતો નથી.

"પોતાના પ્રભુ પાસે પણ એના પ્રેમ સિવાય એ કોઇ કામનાની સિદ્ધિ ઇચ્છતો નથી, તો બીજા પાસેથી એ કશી અપેક્ષા ન કરે એમાં શું આશ્ચર્ય? પવિત્ર આચાર અને પવિત્ર વૃત્તિવાળો, પોતાના પ્રભુને ન ગમનારું કશું ન થાય એ વિશે અત્યંત સાવધાનતા રાખવાવાળો, ઐહિક તેમજ પારલૌકિક ભોગો અને સિદ્ધિઓ વિશે તૃશ્ણારહિત થયેલો, સર્વ વ્યથાઓને તુચ્છ સમજીને બેઠેલો, સર્વે સંકલ્પોનો સંપૂર્ણ સંન્યાસ કરીને બેઠેલો ભક્ત પુરુશ પ્રભુનોયે માનીતો થાય^છે.

"ભક્તને નથી રાગ, નથી દ્વેશ, નથી આશા, નથી શોક. કર્મનાં શુભ તેમ જ અશુભ સર્વે ફળો વિશે એને આસક્તિ જ નથી. એની દૃઢતા છે એક એની ભક્તિમાં અને તે વડે પરમાત્માની પ્રીતિ સંપાદન કરવામાં."

# દૈવી અને આસુરી સંપત્તિ
## અધ્યાય સોળમો

અર્જુનના પ્રશ્નોનો અંત આવ્યો નહોતો. હજુ એના મનની ગડીઓ બરાબર બેઠી નહોતી. આથી તેણે પ્રશ્ન પૂછયો : “કોઇ માણસ દૈવી પ્રકૃતિનો છે કે આસુરી પ્રકૃતિનો, તે કેમ ઓળખાય? મારા પોતાના હૃદયને હું તપાસું છું, તો પરમાત્મા પ્રત્યે અનન્ય ભક્તિ અને નિશ્ઠાનાં મારામાં લક્ષણો નથી જોતો. માન, મોહ, આસક્તિ, સુખદુ:ખમાં વિશમતા, અધ્યાત્મજ્ઞાન સિવાયની બીજી ઘણીયે ઐહિક વિદ્યાઓમાં રસ — એ બધું મારામાં સારી પેઠે ભરેલું છે એમ હું જોઉં છું. એટલે હું આસુરી પ્રકૃતિનો મનુષ્ય છું કે દૈવી પ્રકૃતિનો તે, તથા દૈવી અને આસુરી પ્રકૃતિનાં લક્ષણો મને વિસ્તારપૂર્વક કહો."

આ ઉપર ઘનશ્યામ બોલ્યા :

“અર્જુન, મનુષ્ય અપૂર્ણ હોવાથી જ આસુરી પ્રકૃતિનો કહેવાતો નથી. જીવની ઉન્નતિ દૈન્યમાંથી ઐશ્વર્ય પ્રત્યે, અધર્મમાંથી ધર્મ પ્રત્યે, આસક્તિમાંથી વૈરાગ્ય પ્રત્યે અને અજ્ઞાનમાંથી જ્ઞાન પ્રત્યે થાય છે; અને અવનતિ અલ્પ કાર્પણ્યમાંથી વિશેષ કાર્પણ્ય પ્રત્યે, નાના અધર્મમાંથી મોટા અધર્મ પ્રત્યે, થોડી આસક્તિમાંથી વિશેષ આસક્તિ પ્રત્યે, અને અલ્પ અજ્ઞાનમાંથી દૃઢ અજ્ઞાન પ્રત્યે થાય છે.

“રાજ્યનો વિસ્તાર, રાજ્યની આવક, સૈન્યબળ, યુદ્ધની સામગ્રીનો ભંડાર, ઝવેરાત, સુશોભિત મહેલો, ધાન્ય અને ઘાસના કોઠાર, હાથી, ઘોડા, ગાય વગેરે પશુઓ — એ બધાંની ગણતરી પરથી રાજાની સંપત્તિ અંકાય છે, અને તેની વૃદ્ધિ એ રાજ્યસમૃદ્ધિનું લક્ષણ મનાય છે. એથી ઊલટું, રાજ્યની અલ્પ મર્યાદા, રાજ્યનું દેવું, આત્મરક્ષા માટે બીજા રાજાનો આશ્રય લેવાની ગરજ, ખાલી પડેલા ભંડાર-કોઠાર ને પશુશાળાઓ, ખંડિયેર થતાં મકાનો, પ્રજામાં ભૂખમરો અને અસંતોશ — એ સર્વેની ગણતરી પરથી રાજાની દરિદ્રતા અંકાય છે, અને તેની વૃદ્ધિ એ રાજ્યની પડતીનું ચિહ્ન થાય છે.

“એ જ રીતે દૈવી પ્રકૃતિને સૂચવનારી સંપત્તિઓ જુદા પ્રકારની હોય છે, અને આસુરી પ્રકૃતિને સૂચવનારી સંપત્તિ — બલ્કે આપત્તિઓ જુદા પ્રકારની હોય છે. એ સંપત્તિ મનુષ્યના ચિત્તના ગુણોમાં, એનાં મન અને ઇંદ્રિયોના વ્યાપારમાં અને એની સાંસારિક પ્રવૃત્તિઓમાં દેખાઇ આવે છે. મનુષ્ય દિવસે દિવસે કઇ સામગ્રીને એકઠી કરતો જાય છે, તે બધાંની એકંદર ગણતરી પરથી તેની પ્રકૃતિ દૈવી છે કે આસુરી એ ઠરાવી શકાય છે. એકાદ ગુણની પ્રાપ્તિ કે અભાવથી કોઇ માણસને દૈવી પ્રકૃતિનો કે આસુરી પ્રકૃતિનો ઠરાવવો યોગ્ય નથી.

“આથી, હું તને દૈવી અને આસુરી સંપત્તિના જુદા જુદા ગુણધર્મો કહું છું તે સાંભળ : દિવસે દિવસે નિર્ભય બનતાં જવું, કઠણ પ્રસંગોમાં હતવીર્ય ન થવું, મુશ્કેલી જોઇને એની સામે થવાની શક્તિ મેળવવી, જોખમમાંયે ધર્મમાંથી ન ડગવાની હિંમત કેળવવી — એ અભય નામની એક અતિશય કીમતી દૈવી સંપત્તિ છે.

“અર્જુન, જીવોને જન્મથી જ ભયભીત રહેવાની ટેવ પડેલી છે, એ એમની આધ્યાત્મિક દરિદ્રતાનું મોટામાં મોટું કારણ છે. પોતે પરમાત્માના જ ગુણધર્મવાળો, સ્વતંત્ર અને સંપૂર્ણ ચૈતન્યસ્વરૂપ હોવા છતાં, એ અનેક પ્રકારનાં સાચાં કે કાલ્પનિક અને ક્ષણિક નિમિત્તોથી ડર્યા કરે છે, અને તેથી પોતાનાં ધર્મ અને સ્વરૂપ બન્નેથી પતિત થાય છે. જરા, મરણ, રોગ, પ્રિયજનોનો વિયોગ, ટાઢ-તડકો, ભૂખ-તરસ વગેરેનો એને માત્ર ડર લાગતો નથી, પણ એ ડર એનામાં અબુદ્ધિ અને જડતા નિર્માણ કરે છે. આથી એ બેબાકળો બની દેવદેવીઓને બળિ ચડાવે છે, રાજના સેવકોથી થથરે છે, શ્રીમંતોની ગુલામી કરે છે, ભૂત-પ્રેત વગેરેની પૂજા કરે છે અને જેનીતેની ખુશામત તથા પ્રાર્થના કરતો ફરે છે. ભય અલ્પ હોય, ત્યાં સુધી મનુષ્ય બીજાને રીઝવીને અને અધીન થઇને વર્તે છે. પણ જ્યારે ભયની માત્રા વધી જાય, ત્યારે એ સર્પના જેવો ઝેરીલો બની જાય છે અને વેર તથા હિંસાનો ઉપાસક બને છે. આસુરી સ્વભાવ જાતે ભયભીત રહે છે એટલુ જ નહિ, પણ તેને પરિણામે અન્યને ભયથી જ વશ કરવા પ્રયત્ન કરે છે. ભયમાંથી અભયપ્રાપ્તિ અને અભયદાન પ્રત્યે પ્રયાણ એ દૈવી ભાવ છે; ભયમાંથી ભયંકરતા, વૈર અને હિંસાબળ પ્રત્યે પ્રયાણ એ આસુરી ભાવ છે. ભયભીતતા એ નિર્બળતા હોઇ, દૈવી બળ પણ નથી અને આસુરી બળ પણ નથી, પણ કેવળ પામરતા^છે.

“સત્ત્વસંશુદ્ધિ એ એક બીજી દૈવી સંપત્તિ છે. અર્જુન, સત્ત્વ એ બુદ્ધિનું બીજું નામ છે. અને તેમાં ચિત્તની ભાવનાઓ તેમજ વિચારશક્તિ બન્નેનો સમાવેશ થાય છે. પ્રસન્નતા, પ્રેમ, સમભાવ વગેરે કોમળ લાગણીઓની તીવ્રતા, તેમ જ વિચાર, વિવેક અને

ન્યાયવૃત્તિની સ્પષ્ટતા તથા સુક્ષ્મતા એ સત્ત્વગુણના ઉત્કર્શને પરિણામે પ્રાસ થાય છે, અને તે ચિત્તની મલિનતા ઓછી થયાનાં ચિહ્ન છે. આવું નિર્મળ થયેલું ચિત્ત જ સત્ત્વને નામે ઓળખાય છે. તેની વૃદ્ધિ દૈવી ભાવ છે અને ક્ષય એ આસુરી ભાવ છે.

"ત્રીજી સંપત્તિ તે વ્યવસ્થિતિ. વિચારમાં, વાણીમાં અને કર્મમાં વ્યવસ્થા એ અતિ મહત્ત્વનો અને પ્રાસ કરવા જેવો ગુણ છે. અરજુન, અવ્યવસ્થિત પુરુશમાં કોઇક પ્રકારની જડતા અને પશુતા પણ રહી જ જાય છે. ઘણી વાર અતિ બુદ્ધિવાન માણસો પણ ઘણા અવ્યવસ્થિત જોવામાં આવે છે, પણ તું એને કદી એમનું પ્રશંસા કરવા યોગ્ય લક્ષણ સમજીશ નહીં. એમણે વિવેક, વિચાર, કર્મકૌશલ્ય અને ઇંદ્રિયો તથા મનને યોગ્ય રીતે કેળવવામાં કાંઇક પણ ન્યૂનતા રાખી છે, એમ નિશ્ચિત માનજે. બીજા અનેક સદ્ગુણો હોવાથી એ ખામીને સ્નેહીઓ કદાચ ક્ષમ્ય ગણી નિભાવી લે એમ બને, પણ એની સાથે વ્યવહાર કરવામાં એ ખામી અગવડભરી થયા વિના રહેતી નથી. વળી, એ ખામીને લીધે એ પુરુશ અનેક પ્રકારની બીજી દૈવી સંપત્તિ હોવા છતાં, પૂર્ણ કૃતાર્થતા અને સમાધાન મેળવી શકતો નથી. એને પોતાનેયે એ ખામીથી ડગલે ને પગલે અડચણ ઉત્પન્ન થાય છે. એના આરોગ્યમાં કે વ્યવહારમાં તેને લીધે વારંવાર વિઘ્નો ઊભાં થાય છે. અને તેને લીધે જીવનમાં ક્યાંક અસંતોશ રહી જ જાય છે. માટે, મહારથી, તું વ્યવસ્થિતિને નજીવો ગુણ સમજી ઉપેક્ષા કરીશ નહિ. અતિ શ્રમ લઇને એ પ્રાસ કરવા યોગ્ય સંપત્તિ છે.

"સોનુંચાંદી સંપત્તિ છે એમ જેને સમજાય, તેને જુદાં જુદાં ઘરેણાં એ સંપત્તિ છે એમ કહેવાની જેમ જરૂર રહેતી નથી; તેમ સત્ત્વસંશુદ્ધિ અને વ્યવસ્થિતિરૂપી સોનાચાંદીની કિંમત જેણે જાણી છે તેને દાન, ઇંદ્રિયનિગ્રહ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ વગેરે માટે તેનો પ્રયત્ન હોવો જોઇએ, એ સમજાય એવું છે. પણ ગુરુજનો તથા પ્રિયજનો જેથી મનુષ્યના પર સંતુશ્ટ રહે છે અને તેને પોતાના પ્રેમ તથા વિશ્વાસનું પાત્ર બનાવે છે, એ સરળતાનો ગુણ પણ એક મહત્ત્વની દૈવી સંપત્તિ છે. અર્જુન, આસુરી પ્રકૃતિવાળાને વક્રતા અને કપટમાં જ શરદ્ધા હોય છે અને સકારણ કે નિશ્કારણ તેને જ આચરે છે; તેથી ઊલટું, દૈવી પ્રકૃતિનો પુરુશ સરળતામાં જ નીતિ માને છે અને જાણે બાલ્યાવસ્થા ફરીથી ભોગવવા ઇચ્છતો હોય તેમ દિવસે દિવસે સરળપણું વધારવા મથે છે. માટે સ્વભાવની સરળતાને તું મહત્ત્વનું ધન જાણજે.

"અહિંસાધર્મ પ્રત્યે પ્રગતિ, એ દૈવી પ્રકૃતિનું એક બીજું મહત્ત્વનું ધન છે. હિંસામાંથી અહિંસા પ્રત્યે પ્રયાણ એ શ્રેયસ્સાધન છે, અને હિંસામાંથી વિશેષ હિંસા પ્રત્યે પ્રયાણ એ અધોગતિનું સાધન છે. પણ અહિંસાની બાબતમાં ઘણી ગેરસમજ થાય છે, માટે અહિંસા એટલે શું તે તું ધ્યાનપૂર્વક સમજી લે.

"અર્જુન, ભૂખતરસ, વૃદ્ધિક્ષય, સુખદુ:ખ, જરાવ્યાધિ, જન્મમરણ વગેરે ભાવોનું જેમાં થોડુંઘણું પણ દર્શન આપણે કરી શકીએ છીએ, તે જીવસ્રુશ્ટિ છે એમ આપણે કહીએ છીએ. જ્યાં એ ભાવોનું આપણે દર્શન કરી નથી શકતાં, તેને આપણે જડસ્રુશ્ટિ કહીએ છીએ.

"આપણા પોતાના જીવપણાના અનુભવથી આપણે જાણીએ છીએ કે ભૂખ, તરસ, વ્યાધિ, આઘાત, મરણ, કટુવાણી વગેરેથી આપણને ખેદ અને પીડા થાય છે અને એ વેદનાઓ આપણને પ્રતિકૂળ લાગે છે. દૈવી પ્રકૃતિનો મનુષ્ય પોતાને પ્રતિકૂળ લાગનારાં કર્મો બીજા પ્રત્યે ન આચરવાના વ્રતવાળો હોય એ સ્વાભાવિક છે. આમાંથી જ અહિંસાનો ઉદ્ભવ છે.

"પણ વિશ્વનું ચક્ર એવી રીતે ગોઠવાયું છે કે જીવનું ધારણપોશણ બીજા જીવો દ્વારા જ થાય છે. મોટા જીવ નાના જીવ ઉપર જ નિર્વાહ કરે છે, અને અસંખ્ય જીવો એવા સુક્ષ્મપણે ચોમેર ફેલાયેલા છે કે શ્વાસોચ્છ્વાસ લેવામાંયે સેંકડો જીવોનો નાશ થઇ જાય છે.

"મનુષ્ય ગમે તેટલી દૈવી પ્રકૃતિથી વિભૂશિત હોય છતાં, જ્યાં સુધી એને કશુંયે પ્રાસ કરવાનું અને જાણવાનું રહ્યું છે ત્યાં સુધી એને જીવનની ધારણપોશણની વાસના ટળી જઇ શકતી નથી. દૈવી પ્રકૃતિવાળો મનુષ્ય મરણથી ડરતો નથી. છતાં જે ખાસ ધર્મના પાલન માટે એ આજીવન મથતો હોય છે તે ધર્મની સિદ્ધિ માટે જ એ જીવવાની ઇચ્છા — અને જરૂર પડે તો મરવાની તૈયારી — રાખે છે. પણ તે સિવાયના બીજા અનેક ધરમોના પાલન માટે એ પ્રયત્ન કરે, છતાં જીવનનું ધારણપોશણ અશક્ય થાય તેટલી હદ સુધી એ જઇ શકતો નથી.

"આ રીતે હિંસાકર્મની અનિવાર્યતા અને અહિંસાધર્મનો આદર્શ એ બે વચ્ચે મર્યાદા શોધવામાં સર્વે દૈવી પ્રકૃતિવાળા મનુષ્યોનો પ્રયત્ન ચાલ્યા કરે છે. દૈવી પ્રકૃતિવાળો મનુષ્ય હિંસાથી સાવ મુક્ત નથી; પણ એનો સતત પ્રયત્ન વિશેષ હિંસામાંથી ઓછી હિંસા પ્રત્યે, એટલે અહિંસા પ્રત્યે પ્રયાણ કરવાનો છે. અને તેથી એ અહિંસાધર્મી કહેવાય છે.

"હિંસાનાં બે અંગો છે : દ્વેશ અને પીડા. આમાંથી દ્વેશ એ માનસિક કર્મ છે અને પીડા એ વાણી તથા શરીરનું કર્મ છે.

“શ્રેયસ્સાધનમાં ચિત્તશુદ્ધિ એ મુખ્ય છે; ચિત્તની શુદ્ધિ થાય તેને પરિણામે વાણી તથા શરીરના આચારમાં સહજપણે જે જે ફરક પડે તે જ સાચું ધર્માચરણ કહેવાય. જેમ શિક્ષાના ભયથી કોઇ માણસ ચોરે નહિ તે ભલે આવશ્યક હોય, છતાં એથી તે માણસ દૈવી સંપત્તિવાળો છે એમ ન કહી શકાય; તેમ હિંસાના વિશયમાં કેવળ વાણી અને શરીરના આચારનું નિયંત્રણ આવશ્યક હોય તોયે, તેથી દૈવી સંપત્તિ વધી છે એમ કહી શકાય નહિ. માટે અહિંસાનું મહત્ત્વનું લક્ષણ એ અદ્વેશવૃત્તિ છે, અને મનમાં પોશાયેલી અદ્વેશવૃત્તિને પરિણામે વાણી અને કર્મમાં જે અહિંસામય આચાર ઊતરે એ દૈવી સંપત્તિનું બાહ્ય ચિહ્ન છે.

“પણ, પાંડવ, ધર્મનો માર્ગ અત્યંત સૂક્ષ્મ અને અટપટો છે. અનેક સંયોગો, પરિસ્થિતિઓ અને બાબતોનો વિવેકપૂર્વક વિચાર કરી ધર્માચરણનો માર્ગ ઠરાવવો પડે છે. આથી એવું બને છે કે મનમાંથી દ્વેશભાવને સંપૂર્ણપણે કાઢ્યા છતાં, બાહ્યતઃ બીજા જીવને પીડા થાય એવાં વાણીનાં કે શરીરનાં કર્મો કર્યા વિના ચાલતું નથી. એવી પીડા ન કરવામાં આવે તો કાં તો બીજો અધર્મ થાય છે, અથવા જીવનનું ધારણપોશણ અશક્યવત્ થઇ જાય છે.

“આથી દૈવી પ્રકૃતિવાળો વિવેકી પુરુશ અહિંસાધર્મનું આ રીતે પાલન કરે છે : જીવ માત્ર પ્રત્યે, અત્યંત અધમ શત્રુ પ્રત્યે પણ, યત્કિંચિત્ દ્વેશભાવ મનમાં ન રહે, એ માટે તે પ્રયત્નની પરા- કાષ્ઠા કરે છે. સ્પષ્ટપણે સ્વધર્મ તરીકે ન આવી પડે ત્યાં સુધી વાણીથી કે શરીરથી કોઇ પણ જીવને ન દૂભવવા પ્રયત્નશીલ રહે છે. સ્પષ્ટ ધર્મ થઇ પડતાં હિંસા કરવામાં એ આનંદ નથી માનતો, પણ સંકટ સમજીને જ કરે છે. વળી તેવો સ્વધર્મ બજાવતાં એ ઓછામાં ઓછી હિંસાનો માર્ગ શોધે છે. એકને પીડા કર્યે ચાલે તો અનેકને નથી કરતો; વાણીથી પીડા કર્યે ચાલે તો શરીરથી નથી કરતો; તાડનથી ચાલે તો ઘા નથી કરતો; ઘાથી ચાલે તો વધ નથી કરતો. વળી જે પીડા કરવી જ પડે, તે એ પ્રાણીને ઓછામાં ઓછો સમય સહન કરવી પડે અને ઓછામાં ઓછી વેદના જણાય એવી રીતના ઉપાયો તે યોજે છે.

“ક્ષત્રિય હોય તોયે તે જ્યાંત્યાંથી યુદ્ધ વહોરવા નથી ઇચ્છતો, પણ એને ટાળવા સર્વે પ્રયત્નો કરે છે. યુદ્ધ અનિવાર્ય જ થાય, ત્યારે એ ધર્મયુદ્ધથી લડે છે, કપટયુદ્ધ નથી કરતો. સ્ત્રી, બાળક, અતિ વૃદ્ધ, વિશ્વાસ રાખી આવેલો, નિર્બળ, નિશ્શસ્ત્ર, શરણાગત કે નિદ્રાવશ શત્રુ પર ઘા નથી કરતો. રથી ઘોડેસવાર જોડે નથી લડતો; કવચ ન પહેરેલા જોડે કવચ પહેરીને નથી લડતો. સૈન્યમાં જેઓનું કામ લડવાનું નથી, પણ વાદિત્રો વગાડવાં, રણગીત ગાવાં, સામગ્રી પૂરી પાડવી, શુશ્રૂશા કરવી, ઇત્યાદિ પ્રકારનું હોય છે, તેમના પર ઇરાદાપૂર્વક શસ્ત્ર નથી ચલાવતો. આ રીતે કઠોર કર્મમાંયે એ પોતાની અહિંસાપ્રિયતા બતાવે છે.

“વળી અહિંસક મનુષ્ય પોતાનાં શરીરનાં ધારણપોશણ માટેયે, અન્ય જીવોને ઓછામાં ઓછી પીડા થાય એવી રીતો ઉત્તરોત્તર શોધતો રહે છે. બનતાં સુધી તો, મંદજ્ઞાનશક્તિ ધરાવનારાં હોવાથી જેને પીડાની વેદના ઓછી થતી જણાય છે એવા વનસ્પતિજન્ય આહારને જ એ લે છે. માંસાહારમાંયે, અહિંસાધર્મનું આચરણ કરનારો પુરુશ નિરુપાય સમજીને જ પ્રાણીઓનો આહાર કરે છે. વળી એ અન્નનો નિશ્કારણ બગાડ ન થાય એ રીતે જ એનો ઉપભોગ કરે છે. આ રીતે સમબુદ્ધિમાંથી પરિણામ પામતી અહિંસાવૃત્તિ એ દૈવી સંપત્તિનું એક મહાન વ્રત છે.

“અહિંસા જેવી જ મહાન દૈવી સંપત્તિ સત્યની છે. જેમ હાથીના પગલામાં બધાં પગલાં સમાઇ જાય છે, તેમ સત્યમાં સર્વે વ્રતો સમાઇ જાય છે. સત્યસંપત્તિ એવી તેજસ્વી છે કે જે આસુરી પ્રકૃતિવાળા પોતાના વર્તનમાં એની અવગણના કરે છે, તેમનેય એનો મહિમા સ્વીકારવો પડે છે, અને સત્ય લાગે એવો દાંભિક આચાર બતાવવો પડે છે.

“સત્યસ્વરૂપ પરમાત્મા જ સર્વે જગતનું મૂળ અને આધાર છે એમ જેની નિશ્ઠા થઇ છે, તે જીવનની સર્વે ક્રિયાઓમાં સત્યનો જ સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરે છે. એ અસત્ય વિચાર પણ પોશવા નથી ઇચ્છતો, પોતે જે સત્યરૂપે જાણે છે તેને જ વાણીમાં કોઇ પણ જાતના ઢાંકપિછોડા વિના રજૂ કરવા મથે છે, અને વર્તનમાં જેમાં જરાયે ચોરી ન હોય એવો સત્યવ્યવહાર જ કરવા પ્રયત્નશીલ રહે છે. આથી એને જીવનની શરૂઆતમાં અગવડ થાય એવું બને છે, પણ સત્યમાં શરદ્ધાવાળો એથી નાઉમેદ નથી થતો. વળી વિશેષ અનુભવથી એ એમ પણ જાણવા લાગે છે કે સત્યનો દુશ્કર લાગતો માર્ગ જ અંતે સહેલો, ટૂંકો અને ખાતરીપૂર્વક યશસ્વી નીવડે છે.

“અસત્યને છોડી સત્યને સેવવું, એ દૈવી પ્રકૃતિ છે. દિવસાનુ- દિવસ અસત્યમાં પારંગત થતા જવું એ આસુરી પ્રકૃતિ છે.

“હવે હું તને ત્યાગ નામની દૈવી સંપત્તિનું લક્ષણ કહું છું. એ દૈવી સંપત્તિથી ઊલટી આસુરી સંપત્તિ લોભની છે. અર્જુન, ‘જીવો જીવ પર નભે છે,' એ વચન બે અર્થમાં સાચું છે. એનો પહેલો અર્થ એવો થાય છે કે જીવો બીજા જીવોને મારીને અથવા તેમની આજીવિકા હરી લઇને નભે છે. આસુરી પ્રકૃતિવાળા એ વચનનો એટલો જ અર્થ કરે છે, અને એને જ જીવનનિર્વાહનો નિયમ માને^છે. પણ એનો બીજો અર્થ એ છે કે જીવો બીજા જીવોએ ઉદારતાપૂર્વક કરેલા ત્યાગ વિના નભી શકતા નથી. પશુપંખીઓની

યોનિમાં તેમ જ મનુષ્યયોનિમાં માતાપિતા પોતાનાં બચ્ચાંને પોતે ભૂખમરો વેઠીનેયે પોશે છે, તથા સબળ પ્રાણીઓ નિર્બળને વારંવાર મદદ કરી નિભાવે છે. બીજાની ઉત્તમ વસ્તુઓ મેળવવાની અને ભોગવવાની તક જે શોધે છે, તે લોભી માણસ આસુરી પ્રકૃતિનો છે એમ જાણ. પણ જેની હંમેશાં એવી ઉદાર અભિલાશા રહે છે કે, મારી પાસે જે કાંઇ હોય તે અન્યના ઉપયોગમાં આવે, અને જે જાતે અગવડ વેઠીનેયે પોતાની જાત તેમજ સંપત્તિ સદૈવ બીજાની સેવાર્થે અર્પણ કરતો રહે છે, તે ઉદારચરિત નર ત્યાગવૃત્તિનો છે.

"કોઇ પણ પ્રાણીને દુખ્ખિત જોઇ, તે સહન ન થઇ શકવું અને તેનું નિવારણ કરવા આતુર થવું એ દૈવી સંપત્તિ છે, એ કહેવાની જરૂર નથી.

"વળી લજ્જા એ પણ દૈવી સંપત્તિ છે, અને નફટાઇ એ આસુરી સંપત્તિ છે. સાત્ત્વિક અને કોમળ હૃદયના પુરુશને શિરચ્છેદ કરવા કરતાં ઠપકાથી વધારે ત્રાસ થાય છે. પોતાથી યત્કિંચિત દોશ થયો હોય, તો તેની એને એટલી શરમ લાગે છે કે તેને સુધાર્યા વિના તથા તે માટે ઘટતું પ્રાયશ્ચિત્ત લીધા વિના એને જીવવું ભારરૂપ લાગે છે.

"આથી, આવો પુરુશ ઉતાવળે કશો નિર્ણય કરતો નથી અને વિચારપૂર્વક કરેલા નિર્ણયને ઝટ લઇને ફેરવતો નથી. વળી એને યુક્તિ કે કાવાદાવામાં શર્દ્ધા જ બેસતી નથી, પણ એ સીધે માર્ગે જાય છે.

"હવે, દૈવી પ્રકૃતિનું એક બીજું વિચારવા જેવું લક્ષણ સાંભળ. એ તેજસ્વિતાની સંપત્તિ છે. પણ તેજસ્વિતા આસુરી પણ હોય અને દૈવી પણ હોય. માટે દૈવી તેજસ્વિતા કેવી હોય તે વિવેકથી સમજી લે. જ્યાં જ્યાં વિશેષપણે પુરુશાર્થ વસે છે, ત્યાં તેજસ્વિતાનો ગુણ છે એમ કહી શકાય. ક્રોધમાંયે તેજ રહેલું છે, પરાક્રમ પણ તેજસ્વી છે. આ બધાં તેજ સરખાં જ નથી. જે તેજ પોતાને તેમજ બીજાને ઉદ્વેગ પમાડનારું અને બાળનારું હોય, તે તેજ દૈવી નથી. પણ જે તેજ પોતામાં તેમજ બીજામાં ઉત્સાહ વધારનારું, હિંમત અને વિશ્વાસ આપનારું, હૂંફ અને પ્રકાશ પહોંચાડનારું હોય તે સાત્ત્વિક અને દૈવી^છે.

"દૈવી તેજ જીવનદાયક શક્તિના જેવું હોય છે. એ ભય, લોભ, કામ વગેરે પર વિજય મેળવી પુરુશને ધર્માચરણ કરવાની શક્તિ આપે છે, તથા સત્ય પર દૃઢ રહેવાની હિંમત પ્રેરે છે. એ પોતાની સત્ત્વહાનિ થવા નથી દેતું, તેમ બીજાની સત્ત્વહાનિ કરવા પણ પ્રયત્ન નથી કરતું. એ પોતે પ્રકાશે છે અને બીજાનેયે પ્રકાશ અર્પે છે. એની હિંમતે કાયર ડરી નથી જતો, પણ હિંમત પકડે છે.

"એવી સાત્ત્વિક તેજસ્વિતામાંથી જ સાત્ત્વિક ધ્રુતિનો ગુણ પણ ઉદ્ભવે છે. ધ્રુતિવાળો પુરુશ વિશમ પરિસ્થિતિમાંયે દૃઢ રહે છે; પોતાની ટેકને કદી છોડતો નથી. એ નિશ્ચયી અને સત્ય પ્રતિજ્ઞાવાળો હોય છે અને કઠણ પ્રસંગમાંયે ગભરાઇ જતો નથી.

"આ ઉપરાંત અનેક દૈવી સંપત્તિઓ ગણાવી શકાય; પણ એ સર્વેનો વિસ્તાર કરવાની જરૂર નથી. દૈવી સંપત્તિથી ઊલટી આસુરી સંપત્તિ છે. એનું ચલણી નાણું અજ્ઞાન છે અને એ અજ્ઞાનની મદદ વડે ખરીદાતી બીજી સંપત્તિમાં દંભ, અભિમાન, ક્રોધ, કઠોરતા વગેરે આવે છે. દૈવી સંપત્તિઓ ચિત્તને શુદ્ધ કરી આત્મસ્થિતિ પ્રત્યે પહોંચાડનારી છે, અને આસુરી સંપત્તિઓ ચિત્તને મલિન કરી દિવસે દિવસે અધોગતિમાં નાખનારી છે.

"આસુરી જનોમાં મુખ્ય ખામી વિવેકના અભાવની હોય છે. કયાં કર્મમાં પ્રયત્નપૂર્વક પ્રવૃત્ત થવું જોઇએ અને કયાં કર્મોનો તેટલા જ પ્રયત્નથી ત્યાગ કરવો જોઇએ, એ તે સમજતા નથી. જીવન એ એક પવિત્ર વસ્તુ છે, એવી તેઓને ભાવના થતી નથી. ચિત્તને પવિત્ર રાખવું જોઇએ, શરીરથી પવિત્ર આચારો જ થવા જોઇએ, એવી નીતિધર્મની દૃષ્ટિને તેઓ હસી કાઢે છે. આથી સત્યને માટે તેમને આદર જ નથી હોતો, તો આગ્રહ તો ક્યાંથી જ હોય? હેતુસિદ્ધિને મુખ્ય સમજતા હોવાથી એ સાધનોની શુદ્ધિ માટે પરવા રાખતા નથી. આથી અસત્ય કે અનીતિથી જો પોતાનો હેતુ સિદ્ધ થવો શક્ય જણાય તો તત્કાળ તેનો આશ્રય લે છે.

"આસુરી મનુષ્યો મોહવશ થઇ અધર્મના જ આગ્રહો રાખે છે. એમની કામવાસના સદાયે ઉતૃસ રહે છે. વળી, એ લોકોની એવી માન્યતા હોય છે કે વાસનાઓ જેટલી વધે તેટલી જીવનની સુધારણા થાય. આથી સેંકડો પ્રકારની વાસનાઓમાં તેમનાં ચિત્ત ચોટેલાં રહે છે, અને તેની તૃસિને અર્થે તેઓ અન્યાય કરીનેયે અર્થના સંગ્રહને ઇચ્છે છે."

અહીં અર્જુને એક પ્રશ્ન પૂછયો : "આસુરી પ્રકૃતિમાં ન સપડાવાના મુખ્ય ઉપાયો કયા?"

શ્રીકૃષ્ણ બોલ્યા :

"અધપ્પાત કરનારા, નરકના દરવાજા જેવા ત્રણ મોટા વિકારો છે : કામ, ક્રોધ તથા લોભ. એ ત્રણ દરવાજાને જે ચૂકવી દે છે, તે પોતાનું શ્રેય કરી શકે છે; જે એમાં સપડાય છે, તેને અધપ્પાતમાંથી બચવું મુશ્કેલ થાય છે.

“આ માટે સલામત માર્ગ સચ્છાસ્ત્રોનો છે. શું કરવા જેવું છે અને શું નથી, તેના નિર્ણય માટે માણસે સાચાં શાસ્ત્રનું મનન કરવું જોઇએ. સત્પુરુશોએ પોતાના જીવનના અનુભવથી સત્કર્મો તથા અપકર્મોને, અને કર્મો કરવાની સાચી રીતોને નક્કી કરેલાં હોય છે; તેને અનુસરીને જ માણસે કર્માકર્મનો નિર્ણય કરવો જોઇએ."

# વિવેક કરવાની શક્તિ

## અધ્યાય સત્તરમો

અર્જુન વિચારમાં પડી ગયો. એણે કહ્યું : "શાસ્ત્રોને તો વિદ્વાનો જ જાણતા હોય છે, અને તેઓયે જાણતા હોય છે કે કેમ તે શંકા છે. કારણ, શાસ્ત્રોમાં મતો હોય છે અને શાસ્ત્રીઓ પણ એક જ શાસ્ત્રના જુદા જુદા અર્થો બેસાડે છે. ત્યારે માણસે કયા પુસ્તકને સચ્છાસ્ત્ર માનવું અને કયાને ખોટું શાસ્ત્ર માનવું?"

આ સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા : "તારી શંકા દેખીતી રીતે ઠીક છે, પણ તું ધારે છે તેટલી તેમાં મુશ્કેલી નથી. કારણ કે વિવેક કરવાની શક્તિ મનુષ્યમાત્રમાં રહેલી છે, અને દરેક મનુષ્ય જાણ્યેઅજાણ્યે ઓછીવત્તી પણ એ શક્તિને વાપરીને સચ્છાસ્ત્ર તથા કુશાસ્ત્રનો ભેદ કરે છે જ. જેમ કે તપ અને દાન ત્રણ ત્રણ જાતનાં થાય છે. તેના ભેદો સાંભળ.

"પણ પહેલાં તપ એટલે શું તે જ સમજવાની જરૂર છે. કારણ, આ બાબતમાં લોકોની કલ્પનાઓ વિચિત્ર હોય છે. તપ શરીરથી, વાણીથી અને મનથી એમ ત્રણ રીતે થાય. તેમાં સ્વચ્છ અને પવિત્ર આચાર, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ છે. કોઇને ઉદ્વેગ ન કરનારાં છતાં સત્ય, પ્રિય તથા હિતકર વચન બોલવાં અને નિરંતર સદ્વિદ્યાનું પઠનપાઠન એ વાણીનું તપ છે. મનની પ્રસન્નતા, કોમળતા, વિચારશીલતા અને સંયમ વધારવાં તથા ભાવનાઓની શુદ્ધિ કરવી એ માનસિક તપ છે.

"પાંડવ, શરીર, વાણી કે મનને ગમે તેમ પણ પીડવાં, એ કાંઇ તપનું મર્મ નથી. પણ અન્ન જેમ રંધાઇને પાચક બને છે, ફળ જેમ સૂર્યનાં કિરણોમાં પાકીને મિશ્ટ બને છે, તેમ શરીર, વાણી તથા મનને શીલવાન બનાવવાં તે તપ છે. તપને પરિણામે એ ત્રણેની કર્તૃત્વશક્તિ વધે છે, ઘટતી નથી. આવું ત્રણ પ્રકારનું તપ અત્યંત શ્રદ્ધાથી અને ફળની આકાંક્ષા વિના કર્યું હોય, તો તે સાત્ત્વિક તપ કહેવાય. એ જ તપ સત્કાર, માન કે પૂજા માટે દંભથી કર્યું હોય, તો તે રાજસ છે. આવું તપ ચંચળ અને અનિયમિત હોય છે. કોઇક જાતની મૂઢ હઠથી પોતાને પીડા કરનારી, કે બીજાને નુકસાન કરવાની ઇચ્છાથી શરીરની, વાણીની કે મનની જે સતામણી કરવામાં આવે તે તામસ તપ છે.

"દુ:ખમાં પડેલાંને મદદ કરવી એ દયાધર્મ છે, અને સત્કાર્યોને નિભાવવાં એ દાન છે. પણ વિવેકને અભાવે દાનના ત્રણ ભેદો થાય છે. અર્જુન, ડૂબતા માણસને હાથ પકડીને કિનારે લાવવો એ ધર્મ છે; પણ કોઇ ઉત્તમ તરનારો ગામના લોકોને કહે કે, 'હું જીવું છું ત્યાં સુધી તમારે કોઇએ તરતાં શીખવાની મહેનતમાં પડવાની જરૂર નથી; હું તમને સર્વેને હમેશાં મફત સામે પાર પહોંચાડીશ,' તો એ સેવામાં સદ્ભાવ છે છતાં તેમાં વિવેક નથી. એનો ધર્મ ગામના લોકોને તરવાની કળા શીખવી તેમને બને તેટલા સ્વાશ્રયી કરવાનો છે. એણે પોતાની વિદ્યાનું લોકોને દાન કરવું જોઇએ.

"એ જ પ્રમાણે જો કોઇ માણસની દાનશીલતા દાન લેનારને સદૈવ ઓશિયાળો અને પરાશ્રિત જ રાખે એવી હોય, તો તે અવિવેકી છે. એના દાનને પરિણામે દાન લેનાર સ્વાશ્રયી બની જાય અને પોતાની મુશ્કેલીઓમાંથી છૂટવાની શક્તિ મેળવે, એ લક્ષ્ય હોવું જોઇએ. એ જ રીતે, પાંડવ, ભૂખ્યાને રોટલો આપવો અને તે કાળે એને ઉગારી લેવો, એ દયાધર્મ છે. પણ એ પોતાનો રોટલો પોતાની મેળે મેળવી લે એવા યોગ્ય માર્ગે ચડાવી દેવો અને તે હેતુથી મદદ કરવી, એ દાન છે.

"એવી દાનશીલતા એ માનવધર્મ જ છે એમ સમજી, પોતા પર જેનો કશો પૂર્વ-ઉપકાર ન હોય તેને યોગ્ય સમયે, યોગ્ય સ્થાને, યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય સ્વરૂપમાં, લેનારની પાત્રતાનો વિચાર કરી, મદદ કરવી તે સાત્ત્વિક દાન છે. પણ પોતા પર પૂર્વે થયેલા ઉપકારને ફેડવા માટે, અથવા એ દાનને પરિણામે પોતાને કોઇક પ્રકારના લાભો થશે એવી ગણતરીથી, જે દાન કરવામાં આવે તે રાજસ છે. જે દાનમાં દેશ, કાળ, પાત્રતાનો કશો વિચાર નથી, જેમાં દાન લેનાર પ્રત્યિે તરસ્કારનો ભાવ હોય છે, તે તામસ દાન છે."

# અજ્ઞાન અને મોહનો નાશ
## અધ્યાય અઢારમો

શ્રીકૃષ્ણ બોલ્યા :

"પ્રિય સુહૃદ, હવે આ લાંબા સંવાદનો અંત લાવવાનો વખત થયો છે. થોડીક ક્ષણો પછી ઘોર યુદ્ધનો આરંભ થશે. તે માટે મારાં સઘળાં વચનોનું તાત્પર્ય ગ્રહણ કરી લે.

"અર્જુન, જે પરમાત્માથી આ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થયેલી છે અને એમની ક્રિયાઓ ચાલે છે, અને જે પરમાત્મા આ સર્વ વિશ્વમાં વ્યાપી રહેલો છે, તેનું પૂજન પોતપોતાના સ્વભાવસિદ્ધ ધર્મનું યોગ્ય રીતે આચરણ કરવામાં જ સમાય છે. સ્વધર્માચરણ એ જ પરમેશ્વરનું પૂજન, સ્વધર્મભ્રષ્ટતા એ જ એની અવગણના છે.

"પાંડવશ્રેષ્ઠ, તું સર્વ કર્મો પરમેશ્વરને અર્પણ કર અને એની જ ઇચ્છાને તું અધીન થા. એમ ચિત્તને પરમાત્માને અધીન કરવાથી જ તું જે સંકટો આવે તેને ધીરજથી સહી શકીશ, અને જે ધર્મસંકટો ઉત્પન્ન થાય તેમાંથી વિવેકયુક્ત માર્ગને શોધી શકીશ.

"આ મેં તને જ્ઞાનમાત્રનું અંતિમ રહસ્ય કહ્યું. હવે એનો વિચાર કરી, તને યોગ્ય લાગે તેમ કર.

"પરમ મિત્ર, એક છેલ્લું વાક્ય પણ સાંભળી લે : આજ સુધી તું સુખદુ:ખમાં નિરંતર મને અનુસર્યો છે અને મારાં વચનોમાં તેં વિશ્વાસ રાખ્યો છે. સત્ય અને ધર્મથી બીજું કશું મને વધારે વહાલું નથી એમ તારી ખાતરી હોય, તો મારા પર વિશ્વાસ રાખી સર્વ ધર્માધર્મનો વિચાર છોડી દે અને ક્ષાત્રધર્મ પ્રમાણે લડ.

"મિત્રનંદન, આ રીતે અણધાર્યો આપણી વચ્ચે ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય વગેરે સર્વેની સમાલોચના કરનારો અને સર્વે શાસ્ત્રોના સાર જેવો સંવાદ થયો છે. આવી વાતો ધારેલી નીકળતી નથી અને ધારેલી કહેવાતી નથી. ગુરુશિષ્યનો વિશુદ્ધ અને નિકટ સંબંધ થયો હોય અને બંને અતિશય સાત્ત્વિક ભાવોથી અંકિત થયા હોય તે વખતે જ આવો સંવાદ ગુરુમુખમાંથી યોગ્ય રીતે વહે છે, અને ત્યારે જ તે શિશ્યના હૃદયમાં સફળપણે જઇ સ્થિર થાય છે. માટે, આવી ચર્ચા વાચાળતાને વશ થઇ કેવળ વાર્તાભિલાશી પૂછનાર આગળ કરવી નહિ. એમ કરવાથી એનું રહસ્ય એના હૃદયમાં ઠરતું નથી અથવા વિપરીત રીતે જ ગ્રહણ થાય છે.

"પણ જે પરમેશ્વરનો અનન્ય ભક્ત હોય અને તેને વ્યાકુળતાથી શોધતો હોય, તેને આ જ્ઞાનનું રહસ્ય સમજાવવું એ મહાન ધર્મ જ છે. અર્જુન, આપણા આ ધાર્મિક સંવાદનું જે બરાબર અધ્યયન કરે તે પરમેશ્વરનો જ આરાધક બને. વળી, શ્રદ્ધાથી, નિર્મળ ભાવે જે સાંભળે તે પણ પુણ્યને અને શ્રેયને પંથે જ ચડે.

"હવે મારું કહેવાનું પૂરું થયું. બોલ, હું કહી ગયો એ તેં એકાગ્ર ચિત્તે સાંભળ્યું છે કે? એથી તારાં અજ્ઞાન અને મોહનો નાશ થયો એમ લાગે છે કે? હજુ તારા મનમાં કંઇ પૂછવાનું રહી ગયું છે કે?"

આ સાંભળી અર્જુન ગળગળો થઇ ગયો. એને હર્ષ થતો હતો કે શોક, તે કાંઇયે તે સમજી શક્યો નહિ. પરમજ્ઞાની વાસુદેવે પરિશ્રમપૂર્વક એની ઉપર જે બોધની અમૃતધારા વરસાવી, તેથી એને કૃતાર્થતા અને કૃતજ્ઞતાની લાગણીનો એવો ઊભરો આવ્યો કે, જેમ ઘણે દિવસે માતા-પુત્રનો મેળાપ થાય ત્યારે હર્ષના અતિરેકથી જ બંને રડી પડે છે તેમ, અર્જુન ડૂસકે ડૂસકે રડવા લાગ્યો. શ્રીકૃષ્ણની આંખમાંથીયે મોતી ટપક્યાં. શ્રીકૃષ્ણે ધનંજયને પોતાની છાતી સાથે ચાંપ્યો અને એના વાંસા પર પોતાનો વરદ હસ્ત ફેરવ્યો. થોડી વારે અર્જુન સ્વસ્થ થયો અને બે હાથ જોડી અત્યંત ભક્તિપૂર્વક શ્રીકૃષ્ણના ચરણમાં મસ્તક મૂકી બોલ્યો :

"ગુરુદેવ, મારા પર આજે તમે કૃપાની વૃષ્ટિ કરી મને કૃતાર્થ કરી મૂક્યો. આજે તમે જાણે મને નવો જન્મ આપ્યો છે. અહો! તમારા બોધનો આમ અનુગ્રહ પામ્યા વિના જ આજે જો હું યુદ્ધમાં પડયો હોત, અને તેમાં જો પંચત્વને પામ્યો હોત, તો કેટલી ખામી રહી જાત! તમે મને આજે નવો જન્મ આપ્યો છે એમ કહું, કે મારાં સર્વે જન્મમરણનો એક વારનો અંત આણી દીધો છે એમ કહું? મારી સર્વે શંકાઓ નિવૃત્ત થઇ છે, મારો મોહ નષ્ટ થયો છે, અને નિ:સંશય થઇ હું તમારી આજ્ઞાઓ ઉઠાવવા સજ્જ થયો છું."

આ પ્રમાણે મહર્ષિ વ્યાસની કૃપાથી, વાસુદેવ અને અર્જુન આ બે મહાત્માઓની વચ્ચે થયેલા એક અત્યંત અદ્‌ભુત અને રોમાંચકારક સંવાદને મિશે, સર્વે શાસ્ત્રોના સારરૂપ આ 'ગીતા'-શાસ્ત્ર જાણે યોગેશ્વર શ્રીકૃષ્ણને પોતાને મુખેથી જ નીકળતું હોય તેમ આપણને પ્રાપ્ત થયું છે. આ પવિત્ર સંવાદ સાંભળી આપણને વારંવાર હર્ષ થાય છે. આ શાસ્ત્ર વિશે આપણને કદી "હવે બહુ વંચાયું" એમ થતું નથી. નિત્ય નવા નવા અર્થોનો બોધ આપણા જીવનનો માર્ગ અજવાળે છે.

# ધર્મનો આત્મા
## ઉપસંહાર

ધાર્મિક ગ્રંથોનું મનન કરનારા બે પ્રકારના હોય છે : એક, જેના મનનો કુદરતી અભિલાશ એવો બનેલો છે કે, હું શી રીતે વધારે શુદ્ધ વૃત્તિનો, વધારે ભલો, વધારે પ્રેમાળ, પરોપકારશીલ, પોતાનાં દુ:ખોને ન ગણકારનારો અને સત્યનિશ્ઠ થાઉં. અને આમ પ્રયત્ન કરતાં કરતાં હું ઈશ્વરને ઓળખી તેનામાં લીન થાઉં. આ પ્રકારનું બળ મેળવવા એ ઈશ્વરનું શરણ લે છે, એની ભક્તિ ને ઉપાસના કરે છે, તથા એ માટે વ્રત-તપ-ઉપવાસ, ઇંદ્રિયનિગ્રહ-મનોજય, પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત વગેરે આચરતો રહે છે. પોતાની આવી અભિલાશાને પોશણ ને પ્રેરણા મળે, અને આજુબાજુનાં વાતાવરણ ને પરિસ્થિતિને લીધે લાલચોમાં લપટાઇ ન જવાય, તે માટે એ સત્પુરુશો અને સદ્‌ગ્રંથોનો સમાગમ શોધતો રહે છે.

ધાર્મિક ગ્રંથ વાંચનારાઓનો બીજો પ્રકાર ચિત્તશુદ્ધિની અથવા આત્મજ્ઞાનની જ આકાંક્ષાવાળો નથી હોતો. એ ધર્મ-, અર્થ-, અને કામ-પરાયણ હોય છે, અને તે સિદ્ધ કરવા માટે સાધારણ બુદ્ધિને જે માર્ગો દેખાતા હોય તેની ઓછીવત્તીયે પરવાનગી આપે એવાં ધર્મશાસ્ત્રો તેમને જોઇતાં હોય છે. દા.ત. ઘણા માણસોને ખૂબ ધનવાન થવાની આકાંક્ષા હોય છે. જો કોઈ ધર્મશાસ્ત્ર એ વાસનાને સાવ અધર્મની ઠરાવી મનાઇ કરે, અને ધનવાનો પર ઠોક જ પાડે, તો તે વાતો એમને ગળે નહિ ઊતરે. એનો વિરોધ કરવાનું તેમનું બળ ન હોય તો તેઓ એ શાસ્ત્રને જીભની માન્યતા આપશે, પણ જો બળ હોય તો તે ધર્મના ઉપદેશકનો પ્રાણ લેવા પર્યંત પણ વિરોધ કરશે. પણ જો એ શાસ્ત્ર એને ધનસંપાદનની પરવાનગી આપે, અને માત્ર એના બદલામાં એના ઉપર દાનાદિકની નાનીમોટી ફરજો નાખી એની સંપત્તિને આશીર્વાદ આપે, તો તેઓ તે ફરજો સ્વીકારશે અને તે શાસ્ત્રને સાચું ગણીને પૂજશે.

આમ મોક્ષધર્મ અને ધર્મ-અરથ-કામ સંબંધી ત્રિવર્ગ ધર્મ વચ્ચિ વરોધ મનાતો આવ્યો. 'ગીતા' એ બે માર્ગોમાં મેળ સાધવાનો રસ્તો સૂચવે છે. એ મેળ નિશ્કામ કર્મયોગ દ્વારા. એની પાછળ રહેલી વિચારસરણી આવી છે : ત્રિવર્ગપરાયણ લોકો એ માર્ગે જવાના જ. મોક્ષધર્મના અને સંન્યાસવૃત્તિના હજાર ધર્મગ્રંથો ઉત્પન્ન થાય અને કર્મમાર્ગનો તિરસ્કાર કરે, તોયે લોકો એ માર્ગે રહેશે. લોકોને સારા માર્ગદર્શક નહિ મળે તો ગમે તે રીતે કર્મમાર્ગનું આચરણ કરશે, પણ તેને છોડશે નહિ. આથી નહિ સાચી મુમુક્ષતા વધે, અને નહિ કર્મમાર્ગમાંયે યશ મળે. પણ એથી ઊલટું, સત્પુરુશ એમના માર્ગદર્શક થાય તો તેઓ વધારે ને વધારે શુદ્ધ, ધર્મ્ય અને કુશળ રીતો ખોળી કર્મમાર્ગને ઉત્તરોત્તર વિશુદ્ધ કરી શકે અને પોતાનીયે ચિત્તશુદ્ધિ કરી શકે. આવો આ 'ગીતા'એ સૂચવેલો માર્ગ છે.

પણ જે ધર્મગ્રંથ અર્થ-કામની વાસનાને ઉત્તેજન આપતો હોય તે રાગદ્વેશને પોશનારો ઠર્યો. એને ધર્મ નામ જ કેમ આપી શકાય? એ જાણવું ઘટે છે. રાગદ્વેશ તો આપણામાં હોય છે જ. એને પોશવા માટે ધર્મની જરૂર જ નથી. જુગાર કેમ રમવો તે શીખવનાર પુસ્તક જો ધર્મગ્રંથ થાય, તો તે કોઇ પ્રકારના જુગારને એ માન્ય ઠરાવે છે એટલા માટે નહિ; પણ સર્વે વર્ગોમાં જુગારની અદમ્ય વાસના રહેલી જોઇ, એ રમવો જ હોય તોયે અમુક મર્યાદામાં જ રમાય એવા અંકૂશ એ મૂકે છે તે માટે.

આ જ રીતે, જો કોઇ ધર્મગ્રંથમાં લખ્યું હોય કે માણસે પચીસમે વર્ષે લગ્ન કરવું, અથવા યજ્ઞમાં કરેલું માંસભક્ષણ તે હિંસા નથી, અથવા યુદ્ધમાં થતી હિંસાથી પાપ લાગતું નથી; તો તેનો અર્થ એ નથી કે પચીસમું વર્ષ બેસતાં માણસે લગ્ન કર્યે જ છૂટકો, યજ્ઞમાં માંસભક્ષણ કર્યે જ છૂટકો, અથવા યુદ્ધમાં બેલાશક ડાયરશાહી ચલાવી જ શકાય. પણ માણસમાં રહેલી અદમ્ય કામવાસના, માંસાભિરુચિ, યુદ્ધપ્રિયતા વગેરે રાગદ્વેશોને પોતાના કાળના સમાજમાંથી સાવ નિર્મૂળ કરવા શક્ય નથી એમ જોઇ, એ રાગદ્વેશોથી સમાજને ઓછામાં ઓછું નુકસાન થાય એ હેતુથી તે ધર્મો ઠરાવેલા હોય છે. આવા ધર્મોની આ કે તે વિગતો કદી સનાતન કાળ માટે એકસરખી હોઇ શકતી નથી. એમાં પરિસ્થિતિ અનુસાર વધઘટ થયા જ કરે. દીર્ઘદર્શી પુરુશો એ વધઘટ ઠરાવે કે રુઢિઓ એને ઠરાવે, પણ એમાં ફેરફાર થયા જ કરે.

પણ, આમ તો દરેક જણ પ્રાચીન ધર્મગ્રંથોમાં દખલ કરવાની છૂટછાટ લઇ લે. માટે અમુક નિયમ ધર્મનું કાયમનું અંગ છે કે જમાના પૂરતું છે તે જાણવાનો માર્ગ હોવો જોઇએ. એટલે કે, ધર્મનું ધર્મત્વ શું? ધર્મનો આત્મા શું?

જો એ ઉત્તર આપવાનો મને અધિકાર હોય, તો હું કહું કે સમબુદ્ધિ એ ધર્મનો આત્મા છે. અમુક પુસ્તક અથવા અમુક સલાહ ધર્મયુક્ત છે કે નહિ તે જાણવાની કૂંચી એ કે એથી એકંદરે સમદૃષ્ટિની દિશામાં પ્રયાણ થાય છે કે તે વિશમદૃષ્ટિમાં સ્થિર કરાવે છે?

ધર્મનો અમુક વિધિ કે નિશેધ એ ધર્મનો આત્મા નથી, પણ માત્ર ઉપરનું કલેવર છે. એની પાછળ રહેલી ધર્મ રચનારની દૃષ્ટિ જો સમબુદ્ધિમાંથી ઊઠી હોય અને તેને વધારતી હોય, તો તે ધર્મ છે; નહિ તો અધર્મ અથવા માત્ર તાત્કાલિક ઇલાજ છે.
આ સમબુદ્ધિનું પ્રત્યક્ષ સ્વરૂપ યુગેયુગે વ્યાપક થતું જાય, તો ધર્મનો વિકાસ થયો ગણાય; જો તે સંકુચિત થતું જાય, તો ધર્મનો હ્રાસ થયો ગણાય. દા.ત., શત્રુને ગમે તે કાળે, ગમે તે સ્થિતિમાં, પૂરો જ કરી નાખવો એવો જ્યાં સર્વત્ર આચાર હોય, ત્યાં તેને મારવામાંયે અમુક મર્યાદા પાળવી જોઇએ એવા આચારનો ઉપદેશ કરનારના હૃદયમાં સમબુદ્ધિનો ઉદય થયો છે એમ સૂચિત થાય છે. એ સમબુદ્ધિનું પ્રત્યક્ષ સ્વરૂપ તે કાળની પરિસ્થિતિથી મર્યાદિત જ રહેવાનું; છતાં એણે ધર્મનો માર્ગ બાંધ્યો એમ કહી શકાય. પછી જ્યારે સમબુદ્ધિ એથીયે આગળ વધે ત્યારે એના નિયમોનું ફરીથી શોધન થાય, અને છેવટે શત્રુને શત્રુ જ ન ગણવો એટલે સુધી પહોંચી શકે.
શ્રેયાર્થી ધાર્મિક પુરુશની ધર્મગ્રંથો વાંચવા-વિચારવામાં આ જ દૃષ્ટિ રહે છે. અમુક ધર્મગ્રંથ એનામાં રહેલી સમદૃષ્ટિની નૈસર્ગિક વૃત્તિને ખીલવવામાં ઉત્તેજન આપનાર છે કે ચિમળાવી નાખનાર છે? એને પોતાના કાળની સંકુચિત રાગદ્વેશથી બંધાયેલી મર્યાદાઓમાં જ જકડી રાખનાર છે, કે એને તોડી સમદૃષ્ટિ વધારવામાં પ્રોત્સાહન આપનાર છે? જે એની સમદૃષ્ટિને ઉત્તેજન આપે તે શાસ્ત્રવાક્યો જ એને ધર્મના આત્મારૂપ લાગે છે, અને તેવાં વાક્યોને લીધે જ એ ગ્રંથ એને પૂજ્ય ને પ્રિય બને છે.
આ રીતે એ 'બાઇબલ' વાંચે તો, તેમાં 'જૂના કરાર'માં આંખને સાટે આંખ અને દાંતને સાટે દાંત લેવાની પરવાનગી છે, માટે ડાબા ગાલ પર કોઇ મારે તો તેની આગળ જમણો ગાલ ધરવો એવો ઇશુનો ઉપદેશ અઘટિત છે, એવો સાર નથી કાઢતો. પણ તે એમ વિચારે છે કે જે કાળમાં યહૂદીઓ એટલા ઝનૂની હશે કે આંખ અથવા દાંતનો નાશ કરનારનું ખૂન જ કરી નાખે, તે કાળમાં, જેટલી ઇજા થઇ હોય તેથી વધારે શિક્ષા ન કરી શકાય એવો નિયમ સમદૃષ્ટિ તરફ પ્રયાણ સૂચવનારો જ ગણાય, અને તેથી ધર્મ જ હતો; પણ ઇશુ ખ્રિસ્તે ધર્મના આત્માને ઓળખેલો હોવાથી તેના વિકાસની દિશા સૂચવી.
એ પ્રમાણે એવો શ્રેયાર્થી 'કુરાન' વાંચી, એમાં ચાર સ્ત્રીઓ કરવાની પરવાનગી છે, ઇસ્લામના શત્રુઓનો અમુક રીતે નાશ કરવાની પરવાનગી છે, એવો સંકુચિત અર્થ નથી કરતો. પણ તે એમ વિચારે છે કે એ ગ્રંથનું વલણ પેગંબરની પહેલાં સ્ત્રીજાતિની જે માઠી દશા હતી તેમાં કંઇક સુધારો કરવાનું છે, જંગલી અરબો વિરોધી પર ઘાતકીપણું ગુજારતા તેમના પર કેટલીક મર્યાદાઓ નાખવાનું છે, અને પેગંબરનો ઉપદેશ એકંદર સમબુદ્ધિને પોશક છે. એમ વિચારનાર મુસલમાન શ્રેયાર્થી ધર્મનો એ આત્મા વધારે ને વધારે વિકાસ પામે તે રીતે એના ઉપદેશોની મર્યાદા વધારવા પ્રયત્ન કરશે.
શ્રેયાર્થી હિંદુ 'મહાભારત', 'ગીતા' વગેરે ગ્રંથોનું અધ્યયન ધર્મનું આ જ સ્વરૂપ શોધવા માટે કરે છે. એમાં કૃષ્ણે અર્જુનને લડવા પ્રેર્યો, લડાઇમાં કપટો કર્યાં વગેરે વાતો ધર્મનું પ્રાણરૂપ અંગ નથી. સમદૃષ્ટિ, નિશ્કામબુદ્ધિ, સત્ય, અહિંસા એ આખાયે ગ્રંથનો એકંદર ધ્વનિ છે. કૃષ્ણનાં અમુક આચરણો સનાતન ધર્મનાં ધોતક નહિ, પણ સમદૃષ્ટિનું ધ્યેય અને પોતાના કાળની પરિસ્થિતિ એ બેના મિશ્રણથી થયેલા મર્યાદિત પ્રયોગો છે. પાછળ થઇ ગયેલા મહાપુરુશોનાં છૂટક આચરણો બધાં અનુકરણીય નથી હોતા, પણ એ આચરણની પાછળ રહેલી ધર્મનિશ્ઠા જ આચરવાની હોય છે. જેટલે અંશે ધર્મદૃષ્ટિ પાછલા જમાનાઓ કરતાં આગળ વધી હોય, તેટલે અંશે પાછલા કાળના ધાર્મિક પુરુશોનાં જીવનનાં આ કે તે કૃત્યો અનુપયોગી ઠરે છે.
જો ધર્મનો આત્મા સમબુદ્ધિ છે એ વાત આપણે સમજીએ, તો ધર્મનું બાહ્ય સ્વરૂપ યુગે યુગે વિકાસ પામતું જવાનું. જે ધર્મ એવો વિકાસ ન કરે, તે લકવો થયેલા અવયવની જેમ નિશ્પ્રાણ થઇને પડશે.

આડે માર્ગે જવાની આપણને લાલચ થયા જ કરે છે. સત્ય અને ધર્મનો માર્ગ કઠણ, લાંબો, અવહેવારુ લાગે છે. ઘણી વાર રાજમાર્ગ કરતાં આડીઅવળી પાયદંડીઓ ટૂંકી હોય છે, તેમ અસત્ય અને અધર્મ ટૂંકા રસ્તા લાગે છે.
પણ આમ લાગવાનું કારણ આપણામાં કેળવાયેલી ખોટી ટેવો જ છે. અણઘડ શિક્ષકને વિદ્યાર્થીને મારવાનું જ મન થાય છે; બાળકને સુધારવાનો એ જ સહેલો ઉપાય એને લાગે છે. કારણ એમાં એને સંયમ પાળવો પડતો નથી. વિદ્યારથીનું માનસ તપાસવાની કે શિક્ષણશાસ્ત્રનો વિચાર કરવાની કડાકૂટમાં પડવું પડતું નથી. પણ જે એ રસ્તો છોડી દે છે અને શાસ્ત્રીય રીતે પોતાની કુશળતા વધારીને શીખવવાનો પ્રયત્ન કરે છે, તેને પાછા પહેલે માર્ગે જવું ગમતું જ નથી. શાસ્ત્રીય માર્ગ, ટેવાયા બાદ, વધારે સહેલો, કાર્યસાધક અને શિક્ષક તેમ જ વિદ્યાર્થી બંનેને રોચક પણ લાગે છે.
આ જ નિયમ આપણે જીવનના બીજા વહેવારોમાંયે જોઇ શકીએ છીએ. કોઇ સુતારને ખોટી રીતે ઓજાર પકડવાની ટેવ પડી હોય, પછી એને કોઇ સાચી રીત બતાવવા જાય, તો એ સાચી રીત એને વધારે કઠણ લાગે છે. શરૂઆતમાં સાચી રીતે કામ કરવા

જતાં તેને નિશ્ફળતાયે આવે છે. આથી એ ઘણીવાર "મને પેલી જ રીત ફાવે છે" એમ કહી નવી રીત ગ્રહણ નથી કરતો. પણ જો ધીરજ રાખી એ નવી ટેવ પડવા દે છે, તો એને અનુભવ થાય છે કે એની કાર્યશક્તિ વધી, શ્રમ ઘટયો અને ખોટી રીત ગમે તેટલી ફાવી ગઇ હતી છતાં નવી રીત જ શ્રેષ્ઠ છે.
એ જ પ્રમાણે આપણને અસત્ય, અધર્મ, કપટ, હિંસા વગેરે આચરીને જ આપણાં કામો ઉકેલવાની ટેવ પડેલી હોવાથી સત્યનો, ધર્મનો, સરળતાનો, અહિંસાનો માર્ગ કઠણ અને નિશ્ફળ જનારો લાગે, અને અધ્રમનો સહેલો લાગતો માર્ગ લેવાનું મન થયા કરે. પણ સત્યને જ વળગવાની ટેવ પાડીએ, તો છેવટે એ જ માર્ગ સીધો, સહેલો અને વધારે પરિણામદાયક છે, એમ અનુભવ થશે. આનું પારખું લેવા એકદમ જગતનાં મોટાં કાર્યો ભણી જોવું ન જોઇએ. પણ આપણા નિત્ય જીવનના વ્યવહારોમાં એનું પહેલું પારખું લેવું જોઇએ. એમાં આપણે જો ચીવટથી ધર્મને માર્ગે રહીએ જ, અને એની ટેવ આપણને પડી જાય ત્યાં સુધીની અગવડો ભોગવી લઇએ, તો એ અનુભવ થવાનો જ. પછી આપણી ખાતરી થવાની કે મોટાં કાર્યો પણ એ રીતે થાય તો ત્યાંયે એ જ માર્ગ સરળ થાય.

કોઇ પણ ધર્મગ્રંથનો અભ્યાસ કરતી વખતે આપણે કેટલોક વિવેક વાપરવો પડે છે.
કેટલીક બાબતોમાં, ખાસ કરીને ચિત્તશુદ્ધિ સાથે સંબંધ ધરાવતી બાબતોમાં, સર્વે ધર્મોમાં સરખાપણું હોય છે. દાખલા તરીકે, સત્કર્મ, સદ્વર્તન, સદ્વાણી, સદ્વિચાર, ન્યાય, પ્રેમ, ક્ષમા, સુખદુ:ખ વિશે સમતા, ભક્તિ, વૈરાગ્ય વગેરે પર ભાર મૂકવામાં સર્વે ધર્મો એક મતના હોય છે.
જગતનાં તથા આત્મા-પરમાત્માનાં સ્વરૂપ વિશે સર્વ ધર્મગ્રંથોમાં કેટલાક વિચારો હોય છે, પણ તેમાં બધા વચ્ચે એટલી એકવાક્યતા નથી હોતી. પોતાના ધર્મના ગ્રંથોનો આવો જે ભાગ હોય છે, તેનો અર્થ સાધુસંતો વગેરે પોતપોતાની દૃષ્ટિ મુજબ કરે છે. આને લીધે દુનિયાના દરેક ધર્મમાં પંથો ઊપજ્યા છે. આથી ધર્મગ્રંથનો અભ્યાસ કરનારે આવી બાબતમાં પોતાની વિવેકબુદ્ધિને યોગ્ય લાગે તેટલું જ સ્વીકારવું ઘટે છે.
વળી પૂજા, આચાર, પ્રાયશ્ચિત્ત, કર્મકાંડ વગેરેને લગતું પણ કેટલુંક નિરૂપણ ધર્મગ્રંથોમાં હોય છે. આ એ ગ્રંથનો સાંપ્રદાયિક ભાગ કહેવાય. આ બાબતમાં જુદા જુદા ધર્મગ્રંથો એકબીજાને મળતા ન આવે એમ બને છે. આવી સાંપ્રદાયિક બાબતો તે સંપ્રદાય માટે ભલે અતિશય મહત્ત્વની હોય, પણ ધર્મનો વિશાળ દૃષ્ટિએ વિચાર કરીએ ત્યારે ગૌણ બની જાય છે. તેથી, પોતાના સંપ્રદાય કરતાં જુદી જાતની માન્યતા બીજાના ધર્મગ્રંથમાં જણાય, તો તેને વિશે અનાદર કે તુચ્છબુદ્ધિ હોવી યોગ્ય નથી. પણ જેવી પોતાના ધર્મની એક શ્રદ્ધા છે, તેવી એ પણ એક ભક્તિમય શ્રદ્ધા છે એમ સમજી તે પ્રત્યે સમભાવની દૃષ્ટિ કેળવવી જોઇએ.

ધર્મગ્રંથોનાં નિત્ય વાચન અને મનનથી આપણને કાંઇ ને કાંઇ વિચારવાનો, આચારવાનો અને પચાવવાનો ખોરાક મળ્યા જ કરે છે. ધાર્મિક વાચનની ટેવ સારી રુચિ નિર્માણ કરે છે, વિચારને પ્રેરે છે, તથા અંતરાત્માને ક્યારેક પણ જગાડી દે છે. એમાંનું ઘણું પહેલે વાચને ન સમજાય એ શક્ય છે. સમજાઇનેયે એનું પૂરું તાત્પર્ય લક્ષમાં ન આવે એ પણ શક્ય છે. એ વિશય જ એવો છે કે એ જીવનના વિકાસની સાથે સાથે જ સમજાય.
જીવનનો વિકાસ એટલે માત્ર વયની વૃદ્ધિ નહિ, પણ શુદ્ધ જીવન ગાળવાનો પ્રયત્ન, સત્યનો આગ્રહ, આત્મનિરીક્ષણ, જગતનું નિરીક્ષણ, સૂક્ષ્મ અવલોકન અને વિચાર કરવાની ટેવ, તથા પવિત્ર પુરુશોનો સહવાસ — અને એ બધાંની સાથે જગતનો અનુભવ — આ વાત ઘણાના લક્ષમાં નથી. ઘણાનો એવો ખ્યાલ હોય છે કે ઉત્તમ પ્રકારે તર્ક કરવાની શક્તિ હોય, ઘણાં શાસ્ત્રોનું બારીકાઇથી અધ્યયન કરેલું હોય, ચર્ચામાં રુચિ હોય અને પૂરતું ભાષાજ્ઞાન હોય, તો તત્ત્વજ્ઞાન પણ સમજાવું જોઇએ જ. પણ તત્ત્વજ્ઞાન અથવા જીવન વિશેનું સાચું દૃષ્ટિબિંદુ કેવળ બુદ્ધિગમ્ય નથી. બુદ્ધિ ઉપરાંત એમાં ભાવનાશુદ્ધિની તેમ જ જીવનના અનુભવની અપેક્ષા રહે છે. એ પુસ્તકો કે ઉપદેશોમાંથીયે ન મળી શકે. હજારો પુસ્તકોથીયે જેની કલ્પના ન આવી શકે તે, અનુભવ થતાં પલકારામાં સમજાઇ જાય.
વિચારી પુરુશને માર્ગદર્શક થઇ પડે એવા જે કેટલાક ગ્રંથો જગતમાં ગણાવી શકાય તેવા છે, તેમાં 'ગીતા'નું સ્થાન ઘણું ઊંચું છે; અને હિંદુ ધર્મના સંસ્કાર તળે ઊછરેલાને માટે તો બહુમતે એને જ પહેલું સ્થાન મળે.

## કિશોરલાલ મશરૂવાળાનાં પુસ્તકો

પછીની પેઢીઓને વહેમો, ભ્રમો અને પૂર્વગ્રહોની ખીણમાંથી નીકળીને શુદ્ધ તત્ત્વના શિખર ભણી આરોહણ કરવા માટે કિશોરલાલભાઇના ચિંતનગ્રંથો પ્રેર્યા કરશે. — **ધીરુભાઇ ઠાકર**

ગીતાધ્વનિ (1923)
બુદ્ધ અને મહાવીર (1923)
રરામ અને કૃષ્ણ (1923)
સહજાનંદ સ્વામી (1923)
ઇશુ ખ્રિસ્ત (1925)
કેળવણીના પાયા (1925)
જીવનશોધન (1929)
[વાંચવા-વિચારવા જેવાં પુસ્તકો મને જગતમાં ઘણાં નથી જડયાં. મારે સારુ 'ગીતા', તુલસીદાસ પૂરતાં થઇ જાય છે. આધુનિકમાં રાયચંદભાઇના લેખો. પણ જો કંઇ નવીન વાંચવાનું મન થાય, તો કિશોરલાલનું 'જીવનશોધન' જોઇ જજો.—ગાંધીજી]
સ્ત્રી-કેળવણી (1931)
ગાંધીવિચારદોહન (1932)
ગીતામંથન (1933)
[મારાં પુસ્તકોમાંથી આ જ કદાચ સૌથી વધારે લોકપ્રિય બનેલું છે. — કિ. ઘ. મ.]
ઊધઇનું જીવન (1935)
[મોરિસ મેટરલિંકના 'લાઇફ ઓફ ધ વ્હાઇટ એન્ટ'નો અનુવાદ]
દિાય વેળાએ (1935)
[ખલિલ જિબ્રાનના 'પ્રોફેટ'નો અનુવાદ]
સુવર્ણની માયા (1935)
તિમિરમાં પ્રભા (1936)
[લિવ ટોલ્સટોયના નાટક 'લાઇટ શાઇન્સ ઇન ડાર્કનેસ'નો અનુવાદ]
સત્યમય જીવન
સ્ત્રીપુરુશ-મર્યાદા (1937)
નામાનાં તત્ત્વો (1938)
[જેઠાલાલ ગાંધી સાથે]
અહિંસાવિવેચન (1942)
નિર્ભયતા (1942)
માનવી ખંડિયેરો (1946)
[પેરી બરજેસની નવલકથા 'હૂ વોક એલોન'નો અનુવાદ : કાકા કાલેલકર સાથે]
કાગડાની નજરે (1947)
સમૂળી ક્રાંતિ (1948)
સંસાર અને ધર્મ (1948)
કેળવણીવિવેક (1949)
કેળવણીવિકાસ (1950)
ગાંધીજી અને સામ્યવાદ (1951)
અહિંસાવિવેચન (1952)
ભાવિ હિંદનું દર્શન (1953)
સંત તુકારામની વાણી (1956)

[તુકારામના અભંગોનો અનુવાદ]
સમૂળી ક્રાંતિ અને બીજા લેખો (1969)
[સં. નગીનદાસ પારેખ]
[ભારતની બધી ભાષામાં અનુવાદ કરાવવા માટે દસ ઉત્તમ ગુજરાતી પુસ્તકોની પસંદગી દેશની સાહિત્ય અકાદમીએ કરી, તેમાં કિશોરલાલ મશરૂવાળાનાં લખાણોના સંગ્રહ ‘સમૂળી ક્રાંતિ અને બીજા લેખો'નો સમાવેશ થયેલો છે.]